

કામકાજનો ટૂંકો અહેવાલ

છઠ્ઠી ગુજરાત વિધાનસભા

પ્રથમ સત્ર

(તા. ૨૦મી જૂન, ૧૯૮૦થી ૪થી જુલાઈ, ૧૯૮૦)

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
જુલાઈ, ૧૯૮૦.

©

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

પ્રસ્તાવના

આ પ્રકાશનમાં છઠ્ઠી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્ર (તા. ૨૦મી જૂન, ૧૯૮૦ થી ૪થી જુલાઈ, ૧૯૮૦)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૩મી જુલાઈ, ૧૯૮૦

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧.	છઠ્ઠી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્ર (તા. ૨૦મી જૂન, ૧૯૮૦થી ૪થી જુલાઈ, ૧૯૮૦)માં થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ.	૧
૨.	પત્રક ક્રમાંક—૧, સત્રમાં થયેલાં જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી.	૧૪
૩.	પત્રક ક્રમાંક—૨, ગૃહની બેઠકોની તારીખ અને સમય. ...	૧૫
૪.	પત્રક ક્રમાંક—૩, સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી	૧૬
૫.	પત્રક ક્રમાંક—૪, સભ્યોની તારીખવાર હાજરી. ...	૨૨
૬.	પત્રક ક્રમાંક—૫, પ્રમુખોની પેનલ.	૨૩
૭.	પત્રક ક્રમાંક—૬, અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૨૪
૮.	પત્રક ક્રમાંક—૭, ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૨૬
૯.	પત્રક ક્રમાંક—૮, પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેના (પસાર થયેલા) સરકારી વિધેયકો.	૨૮
૧૦.	પત્રક ક્રમાંક—૯, પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટેના બાકી રહેલાં સરકારી વિધેયકો.	૩૦
૧૧.	પત્રક ક્રમાંક—૧૦, ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ—૧૧૬) ...	૩૧
૧૨.	પત્રક ક્રમાંક—૧૧, બિન--સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭) ...	૩૩
૧૩.	પત્રક ક્રમાંક—૧૨, જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી. ...	૩૪
૧૪.	પત્રક ક્રમાંક—૧૩, જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો	૩૬

૧	૨	૩
૧૫.	પત્રક ક્રમાંક—૧૪, જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી. ...	૩૭
૧૬.	પત્રક ક્રમાંક—૧૫, જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ/કોર્ટ પર સભ્યોની ચૂંટણી.	૩૮
૧૭.	પત્રક ક્રમાંક—૧૬, ખરેખર થયેલા કામ પ્રમાણેની તારીખવાર યાદી. ...	૩૯
૧૮.	પત્રક ક્રમાંક—૧૭, રોજેરોજના કામકાજનો સારાંશ.	૪૨
૧૯.	પત્રક ક્રમાંક—૧૮, વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો. ...	૬૯
૨૦.	પત્રક ક્રમાંક—૧૯, શોકદર્શક ઉલ્લેખો.	૮૭

છઠ્ઠી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ.

પ્રારંભિક

૧. છઠ્ઠી ગુજરાત વિધાનસભાનું પ્રથમ સત્ર શુક્રવાર તા. ૨૦મી જૂન, ૧૯૮૦ થી શરુ થયું હતું અને શુક્રવાર તા. ૪થી જુલાઈ ૧૯૮૦ના રોજ મુલત્વી રહયું હતું અને બુધવાર તા. ૯મી જુલાઈ ૧૯૮૦ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી વિધાનસભાનું સત્ર સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૯ દિવસ મળી હતી અને તેમાં ૧૦ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૩૦ કલાક અને ૪૧ મિનિટ કામ કર્યુ હતું. સત્ર દરમિયાન જુદા જુદા કામકાજ જેવાં કે ટૂંકી મુદતના પ્રશ્નો, સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક–૧માં આપવામાં આવી છે.

ગૃહોની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ક્રમાંક–૨માં આપવામાં આવ્યાં છે.

હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૫૧ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૨૦ હતી. સરેરાશ હાજરી ૧૩૯ હતી. સભ્યોએ વ્યકિતગત રીતે આપેલ હાજરી પત્રક ક્રમાંક ૩ તથા સભ્યોની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક ૪માં દર્શાવવામાં આવી છે.

સોંગદ અથવા પ્રતિજ્ઞા વિધિ

૪. કાર્યકારી અધ્યક્ષશ્રી માલસિંહ ફતાભાઈ ડામોરે તા. ૧૯–૬–૮૦ના રોજ રાજભવનમાં રાજ્યપાલશ્રી સમક્ષ સોગંદ લીધા હતા. ૧૭૬ સભ્યોએ તેજ દિવસે કાર્યકારી અધ્યક્ષશ્રી માલસિંહ ફતાભાઈ ડામોર સમક્ષ અને બાકીના ત્રણ સભ્યોએ સત્ર દરમિયાન તા. ૨૦-૬-૮૦ ના રોજ અધ્યક્ષશ્રી સમક્ષ સભાગૃહમાં સોગંદ લીધા હતા અથવા પ્રતિજ્ઞા કરી હતી.

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ચૂંટણી

૫. વિધાનસભાના અધ્યક્ષ તરીકે શ્રી નટવરલાલ ચંદુલાલ શાહની તારીખ ૨૦–૬–૮૦ના રોજ વિના વિરોધે પસંદગી કરવામાં આવી હતી. વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે શ્રી રમણિકભાઈ ધામી ની તા. ૨૭-૬-૮૦ના રોજ વિના વિરોધે પસંદગી કરવામાં આવી હતી.

પ્રમુખોની પેનલ

૬. અધ્યક્ષશ્રીએ અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની ગેરહાજરીમાં કામ કરવા માટે પ્રમુખોની પેનલ પર ૫ સભ્યોની નિમણૂક કરી હતી. (જુઓ પત્રક ક્રમાંક-૫)

રાજ્યપાલશ્રીનું સંબોધન.

૭. ભારતના બંધારણની કલમ ૧૭૬ (૧) અનુસાર રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને તા. ૨૦મી જૂન, ૧૯૮૦ના રોજ સવારના ૯--૦૦ વાગે સંબોધન કર્યું હતું. તે દિવસે સભ્યશ્રી કરમશીભાઈ મકવાણાએ રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો, જેનું સભ્યશ્રી વાડીલાલ કામદારે સમર્થન કર્યું હતું. આભાર પ્રસ્તાવ ઉપર કુલ ૩૯ સુધારાની સૂચનાઓ આવી હતી. જેમાંથી માનનીય અધ્યક્ષશ્રીએ ૩૫ સુધારાઓ દાખલ કર્યા હતા. રાજ્યપાલશ્રીના સંબોધન ઉપર તા. ૩૦મી જૂન, ૧લી જુલાઈ અને ૨જી જુલાઈ, ૧૯૮૦ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ૭૦ સભ્યોએ ચર્ચામાં ભાગ લીધો હતો. ૨૬ સુધારાઓ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યા હતા. ચર્ચાને અંતે આભાર પ્રસ્તાવ પર રજૂ થયેલા બધા સુધારાઓનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો અને આભાર પ્રસ્તાવ પસાર થયો હતો.

અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો

૮. છઠ્ઠી વિધાનસભાના પ્રથમ સત્ર દરમિયાન ૨૦૫ અતારાંકિત પ્રશ્નો અને ૪૭ ટૂંકી મુદતના પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તે તથા પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રકો ક્રમાંક ૬ અને ૭માં આપવામાં આવી છે.

પ્રશ્નો સંબંધની કેટલીક રસપ્રદ વિગતો નીચે મુજબ છે :—

(૧) સત્ર દરમિયાન કુલ ૧૨ ટૂંકી મુદતના પ્રશ્નો દાખલ કરવામાં આવ્યા હતા, તેમાંથી ૧૧ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા. જ્યારે ૧ ટૂંકી મુદતના પ્રશ્નનો જવાબ આપવા માટે મંત્રીશ્રીએ અસંમતિ દર્શાવી હતી.

(૨) તા. ૨૭—૬—૮૦ અને તા. ૩૦--૬--૮૦ના રોજ એમ બે દિવસોએ ૪, ૪ ટૂંકી મુદતના પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા.

(૩) સોમવાર, તા. ૩૦—૬--૮૦ના રોજ રજૂ થયેલા ૪ ટૂંકી મુદતના પ્રશ્નો પૈકીના "દરિયાપુર પોલીસ સ્ટેશનમાં એક આરોપીનું મૃત્યુ", અંગે ના બે પ્રશ્નો સભાગૃહમાં રજૂ થયા ત્યારે માનનીય ગૃહમંત્રીશ્રીએ, આ બાબતમાં અદાલતી તપાસ નીમવાનો સરકારે સૈધ્ધાંત્તિક સ્વીકાર કર્યો હોવાની જાહેરાત કરી હતી.

અરધા કલાકની ચર્ચા

૯. સત્ર દરમ્યાન નિયમ--૯૨ હેઠળ અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની ૧ સૂચના મળી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી.

વટહુકમો

૧૦. સત્ર દરમ્યાન નીચેના વટહુકમો તેની સામે જણાવેલ તારીખે વિધાનસભાના મેજ ઉપર મુકવામાં આવ્યા હતા :—

અ.નં.	નંબર અને ટૂંકી સંજ્ઞા	મેજ ઉપર મૂકયા તારીખ
૧	૨	૩
૧.	સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક—૫, સન ૧૯૮૦નો ગુજરાત ખેત જંતુ અને રોગ વટહુકમ.	૨૦--૬--૮૦
૨.	સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક—૬, સન ૧૯૮૦નો ગુજરાત પંચાયત (દ્વિતિય સુધારા) વટહુકમ.	૨૦--૬--૮૦
૩.	સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક—૭, સન ૧૯૮૦નો મુંબઈ ગણોત, વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વટહુકમ.	૨૦--૬--૮૦
૪.	સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક—૮, સન ૧૯૮૦નો મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબુદી (ગુજરાત સુધારા) વટહુકમ.	૨૦--૬--૮૦
૫.	સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક—૯, સન ૧૯૮૦નો મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતિય સુધારા) વટહુકમ.	૨૦--૬--૮૦
૬.	સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક—૧૦, સન ૧૯૮૦નો મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વટહુકમ.	૨૦--૬--૮૦
૭.	સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક—૧૧, સન ૧૯૮૦નો મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વટહુકમ.	૨૦--૬--૮૦
૮.	સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક—૧૨, સન ૧૯૮૦નો ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વટહુકમ.	૨૦--૬--૮૦

સરકારી વિધેયકો

૧૧. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના વિધેયકો.—સત્ર દરમિયાન ૧૨ સરકારી વિધેયકોની સૂચના આવી હતી તેમાંથી વિધેયક ક્રમાંક—૫, ૬, ૭, ૮, ૯, ૧૨ અને ૧૬

એમ કુલ સાત વિધેયકો પસાર કરવામાં આવ્યા હતા, અને પાંચ વિધેયકો બાકી રહ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક—૮ અને ૯).

પસાર થયેલા સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ

૧૨. વિધેયકોનું વર્ગીકરણ

(૧) મુંબઈ રાજ્યના અધિનિયમને સુધારતાં વિધેયકો.		૪
(૨) ગુજરાત રાજ્યના વર્તમાન અધિનિયમોને સુધારતું વિધેયક. ...		૧
(૩) મૂળ વિધેયકો.		૨
...	કુલ	૭

૧૩. વિષયવાર વર્ગીકરણ.

(૧) જમીન અને મહેસૂલને લગતા.		૪
(૨) ખેતીની બાબતોને લગતાં.		૧
(૩) નાણાંકીય બાબતોને લગતાં.		૨
	કુલ	૭

વટહુકમોનું સ્થાન લેતાં વિધેયકો

૧૪. સત્ર દરમ્યાન ૮ વટહુકમો સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવ્યા હતાં. તેમાંથી ૫ વટહુકમોનું સ્થાન લેતાં વિધેયકો પસાર કરવામાં આવ્યાં હતાં. અને ૩ વટહુકમોનું સ્થાન લેતાં વિધેયકો સમયના અભાવે હાથ ધરી શકાયાં ન હતાં અને પસાર થઈ શકયાં ન હતાં.

વિધાનસભાના મેજ ઉપર મુકાયેલાં રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલાં વિધેયકો

૧૫. સત્ર દરમિયાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેનાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મુકવામાં આવ્યાં હતાં:—

અ.નં.	વિધેયકોનો નંબર અને ટૂંકી સંજ્ઞા.	કોની અનુમતિ મળી	મેજ ઉપર મુકયા તારીખ
૧	૨	૩	૪
૧.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૬ સન ૧૯૭૯નું મુંબઈ પશુસંરક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક	રાજ્યપાલ	૨૦--૬--૮૦
૨.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૭ સન ૧૯૭૯નું ગુજરાત નગર પંચાયતો(ની મુદત લંબાવવા બાબત) વિધેયક.	રાજ્યપાલ	૨૦--૬--૮૦

૧	૨	૩	૪
૩.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૮ સન ૧૯૭૯નું ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) વિધેયક.	રાષ્ટ્રપતિ	૨૦--૬--૮૦
૪.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૩૯ સન ૧૯૭૯નું ગુજરાત પંચાયત (કેટલીક ગ્રામ પંચાયતોની પુનર્રચના બાબત) વિધેયક.	રાજ્યપાલ	૨૦--૬--૮૦
૫.	સન ૧૯૭૯નું વિધેયક ક્રમાંક—૪૭ સન ૧૯૭૯નું ગુજરાત (દ્વિતિય પુરક) વિનિયોગ વિધેયક.	રાજ્યપાલ	૨૦--૬--૮૦
૬.	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક—૧૨ સન ૧૯૮૦નું ગુજરાત આકસ્મિક ફંડ (હંગામી વધારા) વિધેયક.	રાજ્યપાલ	૪--૭--૮૦

નાણાકીય કામકાજ

૧૬. (૧) અંદાજપત્રની રજુઆત.—સન ૧૯૮૦-૮૧ના વર્ષ માટેનું રાજ્યનું અંદાજપત્ર લોકસભામાં તા. ૧૪-૩-૮૦ના રોજ રજૂ થયું હતું. ત્યારબાદ પ્રણાલિકા મુજબ અંદાજપત્ર અંગેના પ્રકાશનો શુક્રવાર, તા. ૨૦મી જૂન, ૧૯૮૦ના રોજ સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યાં હતા, જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૧૧,૬૫,૨૧,૨૯,૦૦૦ અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૧,૬૩,૩૯,૯૦,૦૦૦ હતી.

(૨) દ્વિતીય લેખાનુદાન માટેનો પ્રસ્તાવ.—સન ૧૯૮૦--૮૧ન નાણાકીય વર્ષના અમુક ભાગ એટલે કે ઓગષ્ટ અને સપ્ટેમ્બર, ૧૯૮૦ના મહિનામાં થનારા ખર્ચ સારુ રૂપિયા ૧,૬૧,૫૬,૭૬,૦૦૦ થી વધુ નહીં એવી રકમ રાજ્યપાલશ્રીને અગાઉથી આપવા બાબતનો દ્વિતીય લેખાનુદાન પ્રસ્તાવ નાણા મંત્રીશ્રીએ શુક્રવાર, તા. ૨૭મી જૂન, ૧૯૮૦ના રોજ ગૃહમાં રજૂ કર્યો અને તેજ દિવસે પ્રસ્તાવ પર ચર્ચા હાથ ધરવામાં આવી. ચર્ચાના અંતે સભાગૃહ પ્રસ્તાવ પસાર કર્યો. ત્યારબાદ ગુરુવાર, તા. ૩જી જુલાઈ, ૧૯૮૦ના રોજ ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧)

૧૭. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ ૪ સૂચનાઓ મળી હતી તે પૈકી ત્રણ સૂચના નામંજૂર કરવામાં આવી અને એક સૂચના અનિર્ણીત રહેતાં સત્રના અંતે રદ થઈ.

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

૧૮. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૪૮ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલેટ તા. ૨૩-૬-૧૯૮૦ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલેટમાં આવેલ સભ્યશ્રી ભીમસીભાઈ કરંગીયાએ ખેડૂતોને પડતી મુશ્કેલીઓ નિવારવા માટે સમયબદ્ધ પગલાં લેવા બાબતના, પ્રસ્તાવની સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર તા. ૪થી જુલાઈ, ૧૯૮૦ના રોજ ચર્ચા થઈ હતી.

ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨)

૧૯. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા કરવા માટે કુલ ૧૦ સૂચનાઓ આવી હતી જે નામંજૂર કરવામાં આવી હતી.

ધ્યાન દોરતી સૂચના (નિયમ-૧૧૬)

૨૦. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી કુલ ૪૫ સૂચનાઓ આવી હતી તેમાંથી ૩૨ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૧૩ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૮ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી તે પૈકી ૭ સૂચનાઓ સંબંધે લાગતાવળગતા મંત્રીશ્રીઓએ ગૃહમાં નિવેદન કર્યા હતા જ્યારે એક કિસ્સામાં માનનીય સભ્યશ્રી ગેરહાજર રહેવાના કારણે નિવેદન થઈ શકયું ન હતું. (જુઓ પત્રક ક્રમાંક—૧૦).

જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ—૪૪)

૨૧. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ સત્ર દરમિયાન મંત્રીશ્રીઓએ સભાગૃહમાં નીચે મુજબ નિવેદનો કર્યા હતા:—

અનુક્રમ નંબર	નિવેદનનો વિષય (ટૂંકમાં)	નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ	નિવેદન કર્યાની તારીખ
૧	૨	૩	૪
૧.	કરવેરા તપાસપંચના અહેવાલ અંગે.	શ્રી સનત મહેતા નાણાં મંત્રી	૨૭-૬-૮૦
૨.	સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ભારે વરસાદથી ઊભી થયેલી પરિસ્થિતિ અંગે.	શ્રી અમરસિંહ ચૌધરી સિંચાઈ મંત્રીશ્રી	૩૦-૬-૮૦

૧	૨	૩	૪
૩.	કર્મચારીઓનાં મોંઘવારી ભથ્થામાં વધારો આપવા અંગે.	શ્રી સનત મહેતા નાણા મંત્રી	૧-૭-૮૦
૪.	પુર અને અતિવૃષ્ટિ અંગે.	શ્રી અમરસિંહ ચૌધરી સિંચાઈ મંત્રી	૩-૭-૮૦
૫.	હાઈ સ્પિડ ડિઝલનાં વિતરણ અંગે.	શ્રી મનોહરસિંહજી જાડેજા નાગરિક પુરવઠા મંત્રી	૪-૭-૮૦
૬.	પુર અને અતિવૃષ્ટિ અંગે.	શ્રી અમરસિંહ ચૌધરી સિંચાઈ મંત્રી	૪-૭-૮૦

બિન-સરકારી સંકલ્પો (નિયમ--૧૧૭)

૨૨. બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૩--૭--૮૦નો દિવસ ફાળવવામાં આવ્યો હતો. બિન સરકારી સભ્યોના સંકલ્પ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૪૯ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૨૬--૬--૮૦ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં આવનાર પ્રથમ બે સભ્યોએ સંકલ્પની એક એક સૂચના આપી હતી જે દાખલ કરવામાં આવી. સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામની વિગતો માટે (જુઓ પત્રક ક્રમાંક--૧૧)

ઔચિત્ય ભંગના પ્રશ્નો

૨૩. માનનીય અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી લઈ આરોગ્ય મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ ગૃહમાં તા. ૨૦--૬--૮૦ના રોજ ઔચિત્ય ભંગનો પ્રશ્ન ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે તા. ૧૯-૬--૮૦ના રોજ સોગંદવિધિ દરમિયાન સભ્યશ્રી અશોક ભટ્ટે સોગંદ માટે ઠરાવેલા નમૂના ઉપરાંત વધારાના શબ્દો બોલી આ ગૃહનો ઔચિત્ય ભંગ કર્યો છે.

અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી અશોક ભટ્ટ અને બીજા સભ્યશ્રીઓને સાંભળી નિર્ણય આપ્યો કે સોગંદ વિધિ ગૃહની કાર્યવાહીનો ભાગ નથી તેથી આ બાબતથી સભા ગૃહના ઔચિત્ય ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેઓશ્રીએ વધુમાં જણાવ્યું કે સોગંદવિધિ એ પવિત્ર બાબત છે તેથી સભ્યશ્રીઓએ ઠરાવેલા નમૂનામાં કોઈ પણ ફેરફાર કર્યા વિના પ્રમાણિકપણે સોગંદ

લેવા જોઈએ. તેમણે વધુમાં આશા વ્યકિત કરી કે ભવિષ્યમાં સભ્યશ્રીઓ ઠરાવેલા નમૂના પ્રમાણે સોગંદ લેશે.

પોઈન્ટ ઓફ ઓર્ડર

૨૪. સત્રમાં કુલ ૭ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાંથી ફકત ૩ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. એટલે કે ૪૩ ટકા જેટલા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. અને ૪ પોઈન્ટ ઓફ ઓર્ડરો અધ્યક્ષશ્રીએ નામંજૂર કર્યા હતા.

યાદગાર પ્રસંગો

૨૫. (૧) આરોગ્ય મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી લઈને તા. ૧૯-૬-૮૦ના રોજ સોગંદ વિધિ દરમિયાન શ્રી અશોક ભટ્ટ સોગંદ માટે ઠરાવેલા શબ્દો ઉપરાંત જે બીજા શબ્દો બોલ્યા હતા તે અંગે ગૃહમાં ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. શ્રી અશોક ભટ્ટે સ્પષ્ટતા કરી હતી કે સોગંદ વિધિનો પ્રસંગ એ સભાગૃહની કાર્યવાહીનો ભાગ ગણાતો ન હોવાથી ઔચિત્ય ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ત્યારબાદ કેટલાક સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો હતો કે સોગંદવિધિ ગૃહની કાર્યવાહીનો ભાગ નથી તેથી ઔચિત્ય ભંગનો પ્રશ્ન બનતો નથી. માન. અધ્યક્ષશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે સોગંદવિધિ પવિત્ર બાબત છે અને સભ્યશ્રીઓએ તેમાં કોઈપણ જાતના ફેરફાર વગર પ્રમાણિકપણે સોગંદ લેવા જોઈએ. માન. અધ્યક્ષશ્રીએ આશા વ્યકત કરી હતી કે ભવિષ્યમાં સભ્યો ઠરાવેલ નમૂના પ્રમાણે જ સોગંદ લેશે.

(૨) તા. ૨૩--૬--૧૯૮૦ ના રોજ શ્રી સંજય ગાંધીનું અને તા. ૨૪--૬--૮૦ના રોજ માજી રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરીનું અવસાન થતાં, તા. ૨૪મી અને ૨૫મી જૂન ૧૯૮૦ના બન્ને દિવસો જાહેર રજા તરીકે જાહેર થતાં સભાગૃહની બેઠકો બન્ને દિવસોએ મળી ન હતી અને ગૃહની બેઠક મળવાની નથી તેની સભ્યોને પત્રક ભાગ--૨થી, વર્તમાનપત્રો દ્વારા અને રેડિયો દ્વારા ખબર આપવામાં આવી હતી.

વિધાનસભાની જુદી જુદી સમિતિઓ વિગેરે ઉપર સભ્યોની ચુંટણીઓ/નિમણુંકો

૨૬. સત્ર દરમિયાન નીચે જણાવેલા સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૧૨) :—

૧. જાહેર હિસાબ સમિતિ

૨. અંદાજ સમિતિ

૩. જાહેર સાહસો માટેની સમિતિ.

૪. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ, વિચરતી જાતિઓ અને વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ.

૨૭. સત્ર દરમિયાન અધ્યક્ષશ્રીએ નીચે જણાવેલી સમિતિઓ ઉપર સભ્યોની નિમણૂક કરી હતી (જુઓ પત્રક ક્રમાંક—૧૩):—

૧. કામકાજ સલાહકાર સમિતિ.
૨. કામકાજ સલાહકાર સમિતિની પેટા સમિતિ.
૩. બિન—સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.

જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી

૨૮. સત્ર દરમિયાન નીચે જણાવેલી જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૧૪):—

૧. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ.
૨. રાજ્ય પંચાયત પરિષદ.
૩. ગુજરાત રાજ્ય અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદ.

જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ/કોર્ટ પર સભ્યોની ચૂંટણી

૨૯. સત્ર દરમિયાન નીચે જણાવેલી યુનિવર્સિટીની સેનટ/કોર્ટ પર સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક—૧૫) :—

૧. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.
૨. સરદાર પટેલ યુનિવર્સિટી.
૩. ભાવનગર યુનિવર્સિટી.
૪. ગુજરાત યુનિવર્સિટી.

સમિતિઓની બેઠકો

૩૦. સત્ર દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો મળી હતી.:—

અનુ. ક્રમાંક	સમિતિનું નામ	બેઠકોની તારીખ
૧	૨	૩
૧	કામકાજ સલાહકાર સમિતિ	૨૦—૬—૧૯૮૦ ૨૬—૬—૧૯૮૦
૨	બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ	૨—૭—૧૯૮૦

વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા અહેવાલો વગેરે

૩૧. સત્ર દરમિયાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા હતા/ચર્ચાયા હતા.

અનુ-ક્રમાંક	અહેવાલ	રજૂ થયા તારીખ	ચર્ચાયાની તારીખ
૧	૨	૩	૪
૧. કામકાજ સલાહકાર સમિતિ.			
	૧. પ્રથમ અહેવાલ	સભાગૃહમાં રજૂ થયો ન હતો.	
	૨. બીજો અહેવાલ	૨૭-૬-૧૯૮૦	૨૭-૬-૧૯૮૦
૨. બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ.			
	પ્રથમ અહેવાલ	૩-૭-૮૦	૩-૭-૮૦
૩. જાહેર હિસાબ સમિતિ.			
	૧ પાંચમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિનો પંદરમો અહેવાલ	૨૭-૬-૮૦	—
	૨ પાંચમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિનો સોળમો અહેવાલ	૨૭-૬-૮૦	—
૪. વિશેષાધિકાર સમિતિ.			
	પાંચમી ગુજરાત વિધાનસભાની વિશેષાધિકાર સમિતિનો ચોથો અહેવાલ	૨૭-૬-૮૦	—
૫. જાહેર સાહસો માટેની સમિતિ.			
	૧ પાંચમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો એકવીસમો અહેવાલ	સભાગૃહના મેજ પર સચિવશ્રીએ તા. ૨૭-૬-૮૦ના રોજ મૂક્યો	—

૧	૨	૩	૪
૨.	પાંચમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો બાવીસમો અહેવાલ ...	...	

૬. ગૌણ વિધાન સમિતિ

પાંચમી ગુજરાત વિધાનસભાની ગૌણ વિધાન સમિતિનો સાતમો અહેવાલ — સભાગૃહના મેજ પર સચિવશ્રીએ તા. ૨૭-૬-૮૦ ના રોજ મૂક્યો.

૭. ખાતરી સમિતિ.

પાંચમી ગુજરાત વિધાનસભાની સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો દસમો અહેવાલ.	૨૭–૬–૮૦	—

વિધાનસભાના મેજ ઉપર મૂકેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય).

૩૨. સત્ર દરમિયાન નીચેનું સાહિત્ય (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું હતું—

અનુક્રમાંક ૧	વિગત ૨	મેજ ઉપર મૂક્યા તારીખ ૩
૧	ગુજરાત સ્લમ ક્લીઅરન્સ બોર્ડના સન ૧૯૭૩--૭૪, ૧૯૭૪--૭૫, ૧૯૭૫--૭૬ અને ૧૯૭૬--૭૭ના વર્ષોના હિસાબો, ઓડિટ રિપોર્ટ અને સરકારી હુકમો	૨૭--૬--૮૦
૨	ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના સન ૧૯૭૩--૭૪ થી ૧૯૭૬--૭૭ના વર્ષના ઓડિટ રિપોર્ટ અને સરકારી હુકમો ...	૨૭--૬--૮૦
૩	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનો :—	
	(અ) સન ૧૯૭૮–૭૯નો વહીવટી અહેવાલ ...	૨૭--૬--૮૦
	(બ) સન ૧૯૭૭–૭૮નો વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ	૨૭--૬--૮૦
	(ક) સન ૧૯૭૮–૭૯ના સુધારેલા અંદાજો અને સન ૧૯૭૯–૮૦ના અંદાજો	૨૭--૬--૮૦
૪	ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. નો સન ૧૯૭૮--૭૯નો ૧૬મો વાર્ષિક અહેવાલ અને હિસાબ ...	૩--૭--૮૦

સત્ર દરમિયાન ખરેખર થયેલા કામની તારીખવાર આખરી યાદી.

૩૩. સત્ર દરમિયાન જુદાં જુદાં કામ કઈ તારીખે ખરેખર હાથ પર લેવાયાં તેની આખરી યાદી પત્રક ક્રમાંક--૧૬માં આપવામાં આવી છે.

રોજેરોજના કામકાજનો સારાંશ

૩૪. સત્ર દરમિયાન વિધાનસભાએ રોજેરોજ કરેલ કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક-૧૭ માં આપવામાં આવ્યો છે.

વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૩૫. સત્ર દરમિયાન જુદાં જુદાં કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક--૧૮માં આપવામાં આવ્યું છે.

શોકદર્શક ઉલ્લેખો

૩૬. સત્ર દરમિયાન ૧૯ સભ્યો કે માજી સભ્યોના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક--૧૯).

સભાત્યાગ

૩૭. (૧) શુક્રવાર, તા. ૨૦મી જૂન, ૧૯૮૦ના રોજ રાજ્યપાલશ્રી તેમનું સંબોધન શરૂ કરે તે પહેલાં વિરોધ પક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણીએ પોતાનું નિવેદન વાંચ્યું અને ત્યાર પછી વિરોધ પક્ષના અમુક સભ્યોએ સભાત્યાગ કર્યો.

(૨) બુધવાર, તા. ૨જી જુલાઈ, ૧૯૮૦ના રોજ રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાના ત્રીજા અને છેલ્લા દિવસે ખેતી મંત્રીશ્રી, મહંત શ્રી વિજયદાસજીએ તેમના પ્રવચનમાં જ્યારે ડુંગળીની ખરીદીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે નાફેડવાળા કહે છે કે તેઓ ડુંગળી ખરીદે છે પરંતુ હકીકતમાં નાફેડમાં બેઠેલા જનતા પક્ષના સભ્યો જ ખાનગીમાં તેના અધિકારીઓને ખરીદી કરવાની ના પાડે છે, ત્યારે વિરોધ-પક્ષના સભ્યોએ તેની સામે સખત વાંધો લીધો. આ તબક્કે શ્રી મનુભાઈ કોટડિયા, જેઓ નાફેડ પર ગુજરાતના પ્રતિનિધિ છે, તેમણે અંગત ખુલાસો કરતાં જણાવ્યું કે નાફેડના ચેરમેન અને મોટાભાગના ડિરેક્ટર્સ બોર્ડના સભ્યોએ કોંગ્રેસના આગેવાન કાર્યકરો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ગુજરાતની અંદર ડુંગળી ખરીદવા માટે માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે રજૂઆત કરવા છતાં પણ નાફેડ તરફથી તાર આવ્યો છે કે ડુંગળીમાં ખરીદી કરવી નહીં. આ તબક્કે શ્રી અશોક ભટ્ટે ખેતી મંત્રીશ્રી ગૃહને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરે છે તે મુદ્દા ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો. ત્યાર પછી શ્રી વલ્લભભાઈ પટેલે જણાવ્યું કે મંત્રીશ્રીએ જે કહ્યું છે કે નાફેડના કેટલાક સભ્યો અહીંયાં બેઠા છે અને જેમણે ડુંગળી ખરીદવાની અટકાવી છે તે કયા સભ્યો છે અને કોના કહેવાથી ડુંગળી ખરીદવાનું બંધ કર્યું છે તેની ચોખવટ થવી જોઈએ.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે સભ્યશ્રી કોટડિયાએ મંત્રીશ્રીના આક્ષેપનો ખુલાસો કરી દીધો છે તેથી વાત પતી જાય છે.

ત્યાર પછી આરોગ્ય મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ સ્પષ્ટતા કરી કે ખેતી મંત્રીશ્રીએ ગૃહના નહીં પણ નાફેડમાં બેઠેલા જનતા પક્ષના સભ્યોનો ઉલ્લેખ કર્યો હતો અને શ્રી કોટડિયાએ જે ખુલાસો કર્યો છે તે સરકારી પક્ષને સ્વીકાર્ય છે. આ પછી વિરોધ પક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો.

૩૮. સત્ર દરમિયાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા આવ્યા હતા :—

૧. પ્રેક્ષક દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	... ...	૪૧૩૦
૨. ૬ શૈક્ષણિક સંસ્થાઓ અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલાં વિદ્યાર્થીઓ અને કાર્યકરો	...	૭૫૦
૩. અધ્યક્ષદીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	... ...	૭૪૦
૪. અતિથિવિશેષ દીર્ઘામાં આવેલા મહેમાનોની સંખ્યા	...	૩૫૦
૫ નામદાર રાજ્યપાલશ્રીની દીર્ઘામાં આવેલા મહેમાનોની સંખ્યા	...	૯
	કુલ ...	૫,૯૭૯

પત્રક ક્રમાંક—૧

(જુઓ ફકરા ક્રમાંક—૧)

સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી

દિવસોની સંખ્યા : ૯ **કુલ કલાક : ૩૦ ક. ૪૧ મિ.**

નંબર	કામકાજ	કામકાજમાં લીધેલ સમય	ટકાવારી
૧	૨	૩	૪
		ક. મિ.	
૧.	પ્રશ્નોત્તરી	૧—૧૫	૪—૦૦
૨.	વિધેયકો		
	(અ) સરકારી	૩—૧૫	૧૦—૦૦
	(બ) બિન-સરકારી		
૩.	અંદાજપત્ર પર ચર્ચા. ...	૪—૫૦	૧૪—૦૦
૪.	પ્રસ્તાવો		
	(અ) સભા-મોકૂફીના પ્રસ્તાવો		
	(બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો		
	(ક) બીજા પ્રસ્તાવો સરકારી તેમજ બિન-સરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત: ...	૧—૧૫	૪—૦૦
૫.	રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા ...	૧૩—૨૬	૪૭—૦૦
૬.	બિન-સરકારી સંકલ્પો ...	૧—૧૦	૪—૦૦
૭.	વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા		
૮.	વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા.		
૯.	અન્ય બાબતો	૫—૩૦	૧૭—૦૦
		૩૦—૪૧	ટકા...૧૦૦—૦૦

પત્રક ક્રમાંક—૨

(જુઓ ફકરા ક્રમાંક—૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો : ૯ સભાગૃહની બેઠકો : ૧૦

વાર	તારીખ	બેઠક શરૂ થવાનો અને પૂરી થવાનો સમય	વિરામ	બેઠકનો ખરેખર સમય
				ક. મિ.
શુક્રવાર	૨૦--૬--૧૯૮૦	૦૮--૦૦ થી ૮--૨૩ ૧૦--૦૦ થી ૧૨--૪૧	—	૦--૨૩ ૨--૪૧
સોમવાર	૨૩--૬--૧૯૮૦	૧૨--૦૦ થી ૧૨--૧૦	—	૦--૧૦
ગુરૂવાર	૨૬--૬--૧૯૮૦	૧૨--૦૦ થી ૧૨--૧૮	—	૦--૧૮
શુક્રવાર	૨૭--૬--૧૯૮૦	૮--૩૦ થી ૧--૧૨	૧૦--૩૦ થી ૧૧--૦૦	૪--૧૨
સોમવાર	૩૦--૬--૧૯૮૦	૧૨--૦૦ થી ૫--૧૫	૨-૩૦ થી ૩-૧૫	૪--૩૦
મંગળવાર	૧--૭--૧૯૮૦	૧૨--૦૦ થી ૫--૧૫	૨-૩૦ થી ૩-૧૫	૪--૩૦
બુધવાર	૨--૭--૧૯૮૦	૧૨--૦૦ થી ૬--૧૨	૨-૩૦ થી ૩-૧૫	૫--૨૭
ગુરૂવાર	૩--૭--૧૯૮૦	૧૨--૦૦ થી ૫--૦૦	૨-૩૦ થી ૩-૧૫	૪--૧૫
શુક્રવાર	૪--૭--૧૯૮૦	૮--૩૦ થી ૧--૧૫	૧૦-૩૦ થી ૧૧-૦૦	૪--૧૫
				૩૦--૪૧

પત્રક ક્રમાંક—૩.

(જુઓ ફકરા ક્રમાંક---૩)

સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી (સભ્યોનું હાજરી પત્રક.)

ક્રમાંક	સભ્યનું નામ	કુલ હાજરી
૧	૨	૩
૧	શ્રી ખરાશંકર વિઠ્ઠલદાસ જોશી	૫
૨	શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવી	૮
૩	શ્રી મોહનલાલ નેમચંદ શાહ	૬
૪	શ્રી વિરજી ભીમજી દાફડા	૭
૫	શ્રી ખીમજીભાઈ જેશંગભાઈ	મંત્રીશ્રી
૬	શ્રી બાબુભાઈ મેઘજી શાહ	૮
૭	કુમારી શાંતાબેન ખીમજીભાઈ ચાવડા	૯
૮	શ્રી અરવિંદકુમાર પ્રાણજીવનભાઈ આચાર્ય	૯
૯	શ્રી ત્રંબકલાલ મોહનલાલ દવે	મંત્રીશ્રી
૧૦	શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા	૯
૧૧	શ્રી જીવુભા ઘેલુભા ઝાલા	૮
૧૨	શ્રી નગીનદાસ માણેકચંદ શાહ	૭
૧૩	શ્રી જીવરાજ થોભણ પટેલ	૯
૧૪	શ્રી વલ્લભભાઈ પોપટલાલ પટેલ	૭
૧૫	શ્રી મંઝુરહુસેન અબ્દુલમુતલીબ પીરજાદા	૮
૧૬	શ્રી મામૈયા હરિભાઈ ડાભી	૯
૧૭	શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા	મંત્રીશ્રી
૧૮	શ્રી મણીલાલ રુગનાથભાઈ રાણપરા	૮
૧૯	શ્રી ભાનુભાઈ ગીગાભાઈ વાઘેલા	૯
૨૦	શ્રી કેશુભાઈ સવદાસ પટેલ	૯
૨૧	શ્રી જમનાદાસ સામજીભાઈ વેકરીયા	૮
૨૨	શ્રી રમણિકભાઈ ધામી	૮
૨૩	શ્રી બળવંતરાય બચુલાલ મનવર	મંત્રીશ્રી
૨૪	શ્રી ભાણજીભાઈ ભીમજીભાઈ પટેલ	૯
૨૫	શ્રી મહમદહુસેન કરીમભાઈ બલોચ	મંત્રીશ્રી
૨૬	શ્રી ભાણજી કમા પરમાર	૫
૨૭	શ્રી ભીમજીભાઈ વસરામભાઈ પટેલ	૭
૨૮	શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ	૮

૧	૨	૩
૨૯	શ્રી ભીમસી કેસુર કરંગીયા	૯
૩૦	શ્રી હેમતભાઈ રામભાઈ માડમ	૩
૩૧	કુમારી લીલાબેન ગૌરીશંકર ત્રિવેદી	૯
૩૨	ખાલી	—
૩૩	શ્રી વિજયદાસજી વિરદાસજી મહંત	મંત્રીશ્રી
૩૪	શ્રી સુકાભાઈ રામાભાઈ આંત્રોલીયા	૪
૩૫	શ્રી મુળજીભાઈ કાળીદાસ હુડકા	૭
૩૬	શ્રી દેવજીભાઈ ભીખાભાઈ વાણવી	મંત્રીશ્રી
૩૭	શ્રી કાળાભાઈ રણમલભાઈ ઝાલા	૮
૩૮	શ્રી રૂડાભાઈ દેવશી વાઢેર	૮
૩૯	શ્રી ઉકાભાઈ સીદીભાઈ ઝાલા	૮
૪૦	શ્રી ધીરજલાલ ફુલાભાઈ રીબડીયા	૯
૪૧	શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદા	૬
૪૨	શ્રી ગોરધનભાઈ ગોકળભાઈ પટેલ	૯
૪૩	શ્રી બેચરભાઈ માધાભાઈ પલસાણા	૯
૪૪	શ્રી ખોડીદાસ દુર્લભજી ઠક્કર	૭
૪૫	શ્રી દ્વારકાદાસ મોહનલાલ પટેલ	૯
૪૬	શ્રી મનુભાઈ નારણભાઈ કોટડીયા	૭
૪૭	શ્રી અરસીભાઈ કાનાભાઈ કામળીયા	૯
૪૮	શ્રી પ્રતાપભાઈ સુરગભાઈ વરૂ	૨
૪૯	શ્રી હાથીભાઈ છેલભાઈ ખાચર	૩
૫૦	શ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલ	૯
૫૧	શ્રી નટુભાઈ ભીખાભાઈ ડાભી	૮
૫૨	શ્રી દલસુખભાઈ જેરામભાઈ પટેલ	વિરોધ પક્ષના નેતાશ્રી
૫૩	શ્રી રામજીભાઈ વલ્લભદાસ દેસાઈ	૯
૫૪	શ્રી વ્રજલાલ દુર્લભજી જાની	૮
૫૫	શ્રી ધનજીભાઈ હીરાભાઈ બાલધીયા	૯
૫૬	શ્રી કીરીટસિંહ અનોપસિંહ ગોહિલ	મંત્રીશ્રી
૫૭	શ્રી રસિકલાલ નાથાલાલ શાહ	૮
૫૮	શ્રી ત્રંબકલાલ મૂળજીભાઈ પટેલ	૯
૫૯	શ્રી નટવરલાલ ચંદુલાલ શાહ	અધ્યક્ષશ્રી
૬૦	શ્રી પુરૂષોત્તમ રવજીભાઈ મકવાણા	મંત્રીશ્રી
૬૧	શ્રી ધુળાભાઈ દલાભાઈ ગોહેલ	૯
૬૨	શ્રી ભાઈલાલ અંબાલાલ પટેલ	૮
૬૩	શ્રી દાઉદભાઈ મીયાંભાઈ પટેલ	૭

૧	૨	૩
૬૪	શ્રી હરિશંકર પંડયા	૫
૬૫	શ્રી ફત્તેસિંહ સોઢા	૯
૬૬	શ્રી ખુમાનસિંહ ગંભીરસિંહ રાઠોડ	૮
૬૭.	શ્રીમતી કોકિલાબેન હરિપ્રસાદ વ્યાસ	મંત્રીશ્રી
૬૮	શ્રી બાબુભાઈ કેશવલાલ વાસણવાળા	૫
૬૯	શ્રી સુરેન્દ્રકુમાર એન. રાજપુત	૯
૭૦	શ્રી વાડીલાલ રતીલાલ કામદાર	૯
૭૧	શ્રી મોહંમદ હુસેન બારેજિયા	૮
૭૨	શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ પટ્ટણી	૭
૭૩	શ્રી પ્રબોધભાઈ રાવળ	મંત્રીશ્રી
૭૪	શ્રી મનુભાઈ પરમાર	૯
૭૫	શ્રી અશોક ચંદુલાલ ભટ્ટ	૯
૭૬	શ્રી અબ્દુલરહીમ તાજુજી કુંદીવાલા	૯
૭૭	શ્રી રામલાલ રૂપલાલ	૯
૭૮	શ્રી રામચંદ ટહલરામ	૭
૭૯	શ્રી કાસમભાઈ બાપુ લીંબડીયા	૯
૮૦	શ્રી શંકરજી કાળાજી ઠાકોર	૯
૮૧	શ્રી કરશનજી મગનજી ઠાકોર	૯
૮૨	શ્રી હરિભાઈ ખુશાલભાઈ પરમાર	૯
૮૩	શ્રી ભાવસિંહજી દાનસિંહજી ઝાલા	મંત્રીશ્રી
૮૪	શ્રી ઈશ્વરસિંહ શીવાજી ચાવડા	૮
૮૫	ડૉ. અમરતભાઈ કાળીદાસ પટેલ	૫
૮૬	શ્રી ગંગારામભાઈ ભાઈચંદદાસ પટેલ	૮
૮૭	શ્રી મોહનભાઈ નાથુભાઈ દેસાઈ	૫
૮૮	શ્રી કાનજીભાઈ લલ્લુદાસ પટેલ	૯
૮૯	શ્રી શરીફભાઈ વલીભાઈ બટી	૮
૯૦	શ્રી કેશાજી શંકરજી ઠાકોર	૯
૯૧	શ્રી ડાહ્યાભાઈ પીતાંબરદાસ પટેલ	૯
૯૨	શ્રી અરવિંદભાઈ ત્રિભોવનદાસ પટેલ	૯
૯૩	શ્રી વીરાજી નવાજી ઠાકોર	૯
૯૪	શ્રી ખોડીદાન ભીમજી ઝુલા	મંત્રીશ્રી
૯૫	શ્રી હેમાભાઈ દરધાભાઈ પરમાર	૮
૯૬	શ્રી કાળુભાઈ વિરાભાઈ તરક	૯
૯૭	શ્રી શાંતિલાલ છોટાલાલ ધાણધારા	૯

૧	૨	૩
૯૮	શ્રી મોહનભાઈ વીસાભાઈ દેસાઈ	૮
૯૯	શ્રી જેઈતા ક્સનાભાઈ પટેલ	૮
૧૦૦	શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ	૯
૧૦૧	શ્રી દોલતભાઈ ચેલારામ પરમાર	૯
૧૦૨	શ્રી હરિસિંહ પ્રતાપસિંહ ચાવડા	૯
૧૦૩	શ્રી જગદીશચન્દ્રજી દોલજીભાઈ ડામોર	૯
૧૦૪	શ્રી લલીતભાઈ ડી. પરમાર	મંત્રીશ્રી
૧૦૫	શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદી	૮
૧૦૬	શ્રી નાથાભાઇ દેવજીભાઈ પટેલ	૯
૧૦૭	શ્રી મગનભાઈ મણીભાઈ પટેલ	૮
૧૦૮	શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય	૯
૧૦૯	શ્રી રામસિંહ રૂપસિંહ સોલંકી	૭
૧૧૦	શ્રી ગુણવંતલાલ મણીલાલ પંડયા	૭
૧૧૧	શ્રી જીવાભાઈ મોતીભાઈ ડામોર	૯
૧૧૨	શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનીયા	૯
૧૧૩	શ્રી માલસિંહ ફતાભાઈ ડામોર	૯
૧૧૪	શ્રી લલિતકુમાર ભગવાનદાસ પટેલ	મંત્રીશ્રી
૧૧૫	શ્રી વીરસિંહ ભુલાભાઈ પસાયા	૮
૧૧૬	શ્રી રમણભાઈ પટેલ	૬
૧૧૭	શ્રી શાંતિલાલ પરષોત્તમભાઈ પટેલ	૯
૧૧૮	શ્રી ઉદેસિંહ મોહનભાઈ બારીયા	૯
૧૧૯	શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ	૯
૧૨૦	શ્રી અબ્દુલરહીમ ઈસ્માઈલ ખાલપા	૮
૧૨૧	શ્રી પર્વતસિંહ ધમીરસિંહ પરમાર	૯
૧૨૨	શ્રી ધિરેન્દ્રસિંહજી વિરભદ્રસિંહજી સોલંકી	૩
૧૨૩	શ્રી બદિયાભાઈ મુળજીભાઈ ગોંદિયા	૬
૧૨૪	શ્રી છત્રસિંહ અમરસિંહજી સોલંકી	૯
૧૨૫	શ્રી બુધાજી જીતાજી ચૌહાણ	૯
૧૨૬	શ્રી યાસીનમીયાં યુસુફમીયાં મલેક	૯
૧૨૭	શ્રી હરિહરભાઈ ઉમિયાશંકર ખંભોળજા	મંત્રીશ્રી
૧૨૮	શ્રી મગનભાઈ ગોકળભાઈ ઝાલા	૯
૧૨૯	શ્રી બંસીલાલ બાપાલાલ પંડયા	૯
૧૩૦	શ્રી બલવંતસિંહ સુધનસિંહ સોઢા	૯
૧૩૧	શ્રી દિનશા ઝવેરભાઈ પટેલ	૯
૧૩૨	શ્રી અમરસિંહજી ભુપતસિંહજી વાઘેલા	૮
૧૩૩	શ્રી રણછોડભાઈ શનાભાઈ,સોલંકી	૬

૧	૨	૩
૧૩૪	શ્રી ગોવિંદભાઈ જેસંગભાઈ પટેલ	૯
૧૩૫	શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચૌહાણ	૯
૧૩૬	શ્રીમતી શાંતાબહેન યોગેન્દ્રકુમાર મકવાણા	૭
૧૩૭	શ્રી પરસોત્તમભાઈ ચતુરભાઈ પટેલ	૮
૧૩૮	શ્રી ઉમેદભાઈ ફતેસિંહ ગોહિલ	૮
૧૩૯	શ્રી માધવસિંહ ફુલસિંહ સોલંકી	મુખ્ય મંત્રીશ્રી
૧૪૦	શ્રી વિજયસિંહજી લઘુભા ચુડાસમા	૮
૧૪૧	શ્રી કરશનભાઈ બોડાભાઈ રાઠવા	૭
૧૪૨	શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા	૯
૧૪૩	શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ	૯
૧૪૪	શ્રી ભઈજીભાઈ ભાણાભાઈ તડવી	૮
૧૪૫	શ્રી ઉમાંકાત રતનલાલ જોશી	૮
૧૪૬	શ્રી પ્રભાતસિંહ જોરસિંહ પરમાર	૯
૧૪૭	—ખાલી—	—
૧૪૮	ડૉ. શિરિષકુમાર મનુભાઈ પુરોહિત	૯
૧૪૯	શ્રી ચન્દ્રકાંત નંદલાલ પટેલ	મંત્રીશ્રી
૧૫૦	શ્રી સનતકુમાર મગનલાલ મહેતા	મંત્રીશ્રી
૧૫૧	શ્રી મહેન્દ્રસિંહ તખતસિંહ ચૌહાણ	૮
૧૫૨	શ્રી જીતુભાઈ સોમાભાઈ પરમાર	૭
૧૫૩	શ્રી હરગોવિંદદાસ ખુશાલદાસ નાગર	૯
૧૫૪	શ્રી મગનભાઈ ભુખણભાઈ સોલંકી	મંત્રીશ્રી
૧૫૫	શ્રી પ્રભાતસિંહ બાવાભાઈ મકવાણા	૭
૧૫૬	શ્રી મહંમદભાઈ હાફેજી ઈસ્માઈલ પટેલ	૯
૧૫૭	શ્રી નાથુભાઈ નરોત્તમભાઈ પટેલ	૮
૧૫૮	શ્રી રેવાદાસ લીમજીભાઈ વસાવા	૯
૧૫૯	શ્રી રામજીભાઈ હીરાભાઈ વસાવા	૯
૧૬૦	શ્રી પ્રેમસંગ દેવજીભાઈ વસાવા	૯
૧૬૧	શ્રી ગોવિંદભાઈ બારકીયાભાઈ વસાવા	૮
૧૬૨	શ્રી મનસુખલાલ જાનિયાભાઈ વસાવા	૮
૧૬૩	શ્રી વસનજીભાઈ ગનજીભાઈ ગામીત	૯
૧૬૪	શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી	મંત્રીશ્રી
૧૬૫	શ્રી ધનજીભાઈ કરશનભાઈ ઢોડિયા	૯
૧૬૬	શ્રી જીતુભાઈ છીનુભાઈ હળપતિ	૯
૧૬૭	શ્રી નારણભાઈ વનમાળીભાઈ રાઠોડ	૭
૧૬૮	શ્રી બાલુભાઈ દેવાભાઈ પટેલ	૮
૧૬૯	શ્રી કૃષ્ણવદન ધનસુખલાલ પચ્ચીગર	૭

૧	૨	૩
૧૭૦	શ્રી જશવંતસિંહ દાનસિંહ ચૌહાણ	૯
૧૭૧	શ્રી મોહંમદભાઈ સુરતી	મંત્રીશ્રી
૧૭૨	શ્રીમતી ઉષાબેન બાબુભાઈ પટેલ	૮
૧૭૩	શ્રી વસંતભાઈ પરભુભાઈ પટેલ	૮
૧૭૪	શ્રી મોહનભાઈ રણછોડભાઈ તળાવિયા	૮
૧૭૫	શ્રી દીનકર ભીખુભાઈ દેસાઈ	૭
૧૭૬	શ્રી કાનજીભાઈ મગનભાઈ પટેલ	૫
૧૭૭	શ્રી ગોવિંદભાઈ માહુજીયાભાઈ પટેલ	૯
૧૭૮	શ્રી દોલતભાઈ નાથુભાઈ દેસાઈ	૯
૧૭૯	શ્રી શંકરભાઈ રવજીભાઈ પટેલ	૪
૧૮૦	શ્રી બરજુલભાઈ નવલાભાઈ પટેલ	૭
૧૮૧	શ્રી રમણભાઈ દેવાભાઈ પટેલ	૯
૧૮૨	શ્રી છોટુભાઈ વેસ્તાભાઈ પટેલ	૮

પત્રક ક્રમાંક—૪.

(જુઓ ફકરા ક્રમાંક—૩)

સભ્યોની તારીખવાર હાજરી.

(અધ્યક્ષ અને મંત્રીઓ સિવાય)

તારીખ	હાજરી	ગેરહાજરી	કુલ સંખ્યા
૧	૨	૩	૪
૨૦--૬--૮૦	૧૫૧	૫	૧૫૬
૨૩--૬--૮૦	૧૩૦	૨૬	૧૫૬
૨૬--૬--૮૦	૧૩૯	૧૭	૧૫૬
૨૭--૬--૮૦	૧૪૧	૧૫	૧૫૬
૩૦--૬--૮૦	૧૨૦	૩૬	૧૫૬
૧--૭--૮૦	૧૪૦	૧૬	૧૫૬
૨--૭--૮૦	૧૪૨	૧૪	૧૫૬
૩--૭--૮૦	૧૪૪	૧૨	૧૫૬
૪--૭--૮૮	૧૪૭	૯	૧૫૬

પત્રક ક્રમાંક—૫.

(જુઓ ફકરા ક્રમાંક—૬)

પ્રમુખોની પેનલ.

અનુક્રમાંક	સભ્યોના નામ	નિમણૂકની તારીખ
૧	૨	૩
૧.	શ્રી જમનાદાસ વેકરીયા	૩--૭--૮૦
૨.	શ્રી વીરજીભાઈ દાફડા	
૩.	શ્રી બંસીલાલ પંડયા	
૪.	ડો. એ. કે. પટેલ	
૫.	શ્રી ભીમજીભાઈ વશરામભાઈ પટેલ	

પત્રક ક્રમાંક—૬.

(જુઓ ફકરા ક્રમાંક—૮)

અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં).

અ.નં.	વિભાગ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	તારાંકિતમાંથી અતારાંકિત	ટૂંકી મુદતમાંથી અતારાંકિત	અગાઉ દાખલ કરેલા પરંતુ ગયા-સત્રમાં જવાબ ન આપવાથી રજુ ન થયેલા	દાખલ ન કરેલા	સભ્યશ્રીએ પ્રશ્નો પાછા ખેંચ્યા	ગૃહમાં જવાબ આપ્યા	નિયમ ૮૭(અ) અન્વયે મેજ ઉપર મૂક્યા	સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા
૨		૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨
૧	સામાન્ય વહીવટ	૬	...	...	...	...	૬	...	...	...	...
૨	નાણાં	૪	૨	...	...	...	૨	...	...	...	૨
૩	કાયદા	૨	૧	...	...	...	૧	...	...	...	૧
૪	સિંચાઈ	૯	૬	...	...	...	૩	...	...	...	૬
૫	મહેસૂલ	૨૦	૧૫	...	...	...	૫	...	...	...	૧૫

૬	પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ	૧૬	૧૦	...	...	...	૬	...	...	...	૧૦
૭	શિક્ષણ અને શ્રમ	૨૨	૨૦	...	...	...	૨	...	...	...	૨૦
૮	ગૃહ	૧૭	૧૦	...	...	...	૭	...	...	...	૧૦
૯	ઉદ્યોગ, ખાણ અને વીજળી	૧૯	૮	...	...	...	૧૧	...	...	...	૮
૧૦	ખેતી, વન અને સહકાર	૨૨	૧૧	...	...	...	૧૧	...	...	...	૧૧
૧૧	અનાજ અને નાગરિક પુરવઠા	૫	૫	...	...	...	...	...	...	...	૫
૧૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૨૪	૧૮	...	...	...	૬	...	...	...	૧૮
૧૩	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	૬	૪	...	...	...	૨	...	...	...	૪
૧૪	મકાનો અને માર્ગવ્યવહાર	૩૩	૧૬	...	...	...	૧૭	...	...	...	૧૬
	કુલ:	૨૦૫	૧૨૬	...	...	...	૭૯	...	...	...	૧૨૬

પત્રક ક્રમાંક—૭.

(જુઓ ફકરા ક્રમાંક--૮)

ટૂંકી મુદતના પ્રશ્નોની વિગતવાર માહિતી (આંકડામાં)

અ.નં.	વિભાગ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	દાખલ ન કર્યા	મંત્રીશ્રી સંમત	મંત્રીશ્રી અસંમત	ગૃહમાં રજૂ	ટૂંકી મુદતમાંથી તારાંકિત	ટૂંકી મુદત-માંથી અતારાંકિત
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦
૧	સામાન્ય વહીવટ	૩	...	૩	...	...	...	...	...
૨	નાણાં	...	...	...	...	...	...	...	...
૩	કાયદો	...	...	...	...	...	...	...	...
૪	સિંચાઈ	૧	...	૧	...	...	...	...	...
૫	મહેસૂલ	૨	...	૨	...	...	...	...	...
૬	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	૨	૨	...	૨	...	૨	...	...
૭	શિક્ષણ અને શ્રમ	૧૦	૧	૯	૧	...	૧	...	—

૮	ઉદ્યોગ, ખાણ અને વીજળી	૩	૧	૨	૧	...	૧	...	...
૯	ગૃહ	૧૧	૪	૭	૪	...	૪	...	...
૧૦	ખેતી, વન અને સહકાર	૧૧	૩	૮	૩	...	૩	...	...
૧૧	અનાજ અને નાગરિક પુરવઠા	૧	...	૧	...	...	...	...	...
૧૨	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૧	...	૧	...	...	...	...	...
૧૩	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ	૧	...	૧	...	...	...	...	...
૧૪	મકાનો અને માર્ગવ્યવહાર	૧	૧	...	...	૧	...	...	
	કુલ	૪૭	૧૨	૩૫	૧૧	૧	૧૧	....	...

પત્રક ક્રમાંક
(જૂઓ ફકરા ક્રમાંક
પહેલ બીજા અને ત્રીજા વાંચન માટેનાં

અ.નં.	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી મંત્રીશ્રી
૧	૨	૩	૪
૧	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક ૫ સન ૧૯૮૦નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક.	મહેસુલ	શ્રી માધવસિંહ સોલંકી મુખ્ય મંત્રીશ્રી
૨	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક ૬ સન ૧૯૮૦નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક.	,,	શ્રી માધવસિંહ સોલંકી મુખ્ય મંત્રીશ્રી
૩	સન ૧૯૮૦ નું વિધેયક ક્રમાંક : ૭ સન ૧૯૮૦નું મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબુદી (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક.	,,	શ્રી માધવસિંહ સોલંકી મુખ્ય મંત્રીશ્રી
૪	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક : ૮ સન ૧૯૮૦નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક.	મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગ	શ્રી કે. બી. ઝુલા મંત્રીશ્રી મકાનો અને માર્ગ વ્યવહાર
૫	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક : ૯ સન ૧૯૮૦નું ગુજરાત ખેત જંતુ અને રોગ વિધેયક.	ખેતી, વન અને સહકાર વિભાગ	શ્રી મહંત વિજયદાસજી મંત્રીશ્રી ખેતીની ગેરહાજરીમાં શ્રી સનત મહેતા, મંત્રીશ્રી નાણાએ આ વિધેયક દાખલ કર્યું.
૬	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક : ૧૨ સન ૧૯૮૦નું ગુજરાત આકસ્મિક ફંડ (હંગામી વધારા) વિધેયક.	નાણા વિભાગ	શ્રી સનત મહેતા મંત્રીશ્રી, નાણાં.
૭	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક : ૧૬ સન ૧૯૮૦નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક.	,,	શ્રી સનત મહેતા મંત્રીશ્રી, નાણાં.

—૮.

૧૧)

(પસાર થયેલાં) સરકારી વિધેયકો.

દાખલ થયાની તારીખ	પહેલા વાંચનની તારીખ	બીજા વાંચનની તારીખ	ત્રીજા વાંચનની તારાખ	સુધારા		
				જેની સૂચના મળી	જે રજૂ કરવામાં આવ્યા	જે પસાર કરવામાં આવ્યા
૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૨	...	...
૩-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૧	...	...
૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૩	...	...
૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૨	...	...
૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૪-૭-૮૦	૨	...	...
૨૭-૬-૮૦	૨૭-૬-૮૦	૨૭-૬-૮૦	૨૭-૬-૮૦	૧	...	...
૩-૭-૮૦	૩-૭-૮૦	૩-૭-૮૦	૩-૭-૮૦	૫	...	...
				સૂચના નામંજૂર કરવામાં આવી		

પત્રક—ક્રમાંક—૯.

(૯૮મો ફેરા ક્રમાંક-૧૧)

દાખલ કરવાના અને પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બાકી રહેલાં સરકારી વિધેયકો.

અ. નં.	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી મંત્રીશ્રી
૧	૨	૩	૪
૧.	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક : ૧૦ સન ૧૯૮૦નું મુંબઇ પોલીસ (ગુજરાત સુધારા) વિધેયક.	ગૃહ વિભાગ	શ્રી પ્રબોધ રાવળ, મંત્રીશ્રી, ગૃહ
૨.	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક : ૧૧ સન ૧૯૮૦નું ગુજરાત સ્થાનિક સત્તા મંડળ કાયદા (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ વિભાગ	શ્રી ત્રંબકલાલ એમ. દવે મંત્રીશ્રી, પંચાયત
૩.	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૧૩ સન ૧૯૮૦નું ગુજરાત નગર પંચાયતો(ની મુદત વધારવા) બાબત (સુધારા) વિધેયક.	,,	શ્રી ત્રંબકલાલ એમ. દવે મંત્રીશ્રી, પંચાયત
૪.	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૧૪ સન ૧૯૮૦નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક	,,	શ્રી ત્રંબકલાલ એમ. દવે મંત્રીશ્રી, પંચાયત
૫.	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૧૫ સન ૧૯૮૦નું ગુજરાત રાજ્ય બાંયધરી (સુધારા વિધેયક.)	નાણાં વિભાગ	શ્રી સનત મહેતા મંત્રીશ્રી, નાણા

પત્રક ક્રમાંક—૧૦

(જુઓ ફકરા ક્રમાંક-૨૦)

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬)

મળેલી સૂચનાઓની સંખ્યા	દાખલ કરેલી	દાખલ કરેલી સૂચનાઓનો વિષય (ટૂંકમાં)	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	બાબત પર ધ્યાન દોર્યા તારીખ
૧	૨	૩	૪	૫
૪૫	૮	૧ ખેત ઉત્પાદન સાધનોનો ભાવ વધારો	શ્રી કરમશીભાઈ મકવાણા (શ્રી શાંતિલાલ પી. પટેલ, શ્રી દિનશા પટેલ)	૨૭-૬-૧૯૮૦
		૨ જામનગર શહેરમાં બે જુથો વચ્ચે થયેલ અથડામણ બાબત	શ્રી ભીમજીભાઈ પટેલ (શ્રી હેમત માડમ)	૩૦-૬-૧૯૮૦
		૩ ભરૂચમાં કોલેરાનો ઉપદ્રવ	શ્રી મહંમદભાઈ પટેલ (શ્રી દિનશા પટેલ)	૧-૭-૧૯૮૦
		૪ અમદાવાદની બી. જે. મેડીકલ કોલેજમાં પ્રવેશપત્રો નહીં મળવા અંગે.	શ્રી બાબુભાઈ વાસણવાળા	તા. ૨-૭-૮૦ ના રોજ સભ્યશ્રી ગેરહાજર હોવાથી નિવેદન કરવાનો પ્રશ્ન રહેતો નથી.
		૫ સાબરકાંઠા જિલ્લામાં ગરીબ ખેડૂતોને તગાવી લોન આપવા અંગે.	શ્રી અંબાલાલ ઉપાધ્યાય	૩-૭-૧૯૮૦
		૬ બાલાસિનોરની પાણી પુરવઠા યોજનાના પાણીના દરમાં વધારો કરવા બાબત.	શ્રી છત્રસિંહ સોલંકી	૩-૭-૧૯૮૦

પત્રક ક્રમાંક—૧૦ (ચાલુ).

૧	૨	૩	૪
૭	ભાવનગરની ન્યુ જહાંગીર વકીલ મીલ્સમાં કામદારોને નિયમિત પગાર નહીં મળવા અંગે.	શ્રી ત્રંબકલાલ મુ. પટેલ	૪-૭-૧૯૮૦
૮	જુનાગઢ શહેર તેમજ આજુબાજુના વિસ્તારોમાં ફેલાયેલ મેલેરિયા તેમજ કમળાનો રોગચાળો.	શ્રી ધીરજલાલ રીબડીયા (શ્રી રૂડાભાઈ વાઢેર)	૪-૭-૧૯૮૦

પત્રક ક્રમાંક—૧૧

(જુઓ ફકરા ક્રમાંક-૨૨)

બિન-સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)

ક્રમાંક	સૂચનાનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચા માટેની તારીખ	પરિણામ
૧	૨	૩	૪	૫
૧	બોમ્બે હાઇ ગેસનું ભૂમિ-બિન્દુ નક્કી કરવા અને ગેસ ઉપર આધારિત પેટ્રોકેમિકલ્સ સંકુલની સ્થાપના અંગે.	શ્રી શાંતિલાલ પી. પટેલ	૩-૭-૮૦	ચર્ચાને અંતે સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.
૨	નર્મદા યોજનાના લાભથી વંચિત રહેલા વિસ્તારોને સિંચાઈની સવલતો આપવા અંગે.	શ્રી મામૈયાભાઇ ડાભી	૩-૭-૮૦	,,

પત્રક ક્રમાંક—૧૨.

(જુઓ ફકરા ક્રમાંક-૨૬)

જુદી જુદી સમિતિઓ ઉપર સભ્યોની ચૂંટણી

ક્રમાંક	સમિતિનું નામ	સભ્યોના નામ	ચૂંટણીના પરિણામની જાહેરાત
૧	૨	૩	૪
૧.	જાહેર હિસાબ સમિતિ	૧. શ્રી મનુભાઈ કોટડીઆ, પ્રમુખ ૨. શ્રી મોહનલાલ નેમચંદ શાહ ૩. શ્રી જમનાદાસ વેકરીયા ૪. શ્રી વૃજલાલ દુર્લભજી જાની ૫. શ્રી મોહમદહુસેન બારેજિયા ૬. શ્રી મનુભાઈ પરમાર ૭. શ્રી અશોક ભટ્ટ ૮. શ્રી જીવાભાઈ ડામોર ૯. શ્રી શાન્તિલાલ પુરૂષોતમદાસ પટેલ ૧૦. ડો. શિરીષ મનુભાઈ પુરોહિત, અને ૧૧. શ્રી જશવંતસિંહ દાનસિંહ ચૌહાણ	૪-૭-૮૦
૨.	અંદાજ સમિતિ	૧. શ્રી વાડીલાલ રતીલાલ કામદાર—પ્રમુખ ૨. શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવી ૩. શ્રી રસિકલાલ નાથાલાલ શાહ ૪. શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા ૫. શ્રી દોલતભાઈ ચેલારામ પરમાર ૬. શ્રી મગનભાઈ મણીલાલ પટેલ ૭. શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય ૮. શ્રી અબ્દુલરહીમ ઈસ્માઈલ ખાલપા ૯. શ્રી બુધાજી જીતાજી ચૌહાણ ૧૦. શ્રી પ્રભાતસિંહ જેરસિંહ પરમાર અને ૧૧. શ્રી નાથુભાઈ નરોત્તમભાઈ પટેલ	૪-૭-૮૦

૧	૨	૩	૪
૩.	જાહેર સાહસો માટેની સમિતિ	૧. શ્રી કૃષ્ણવદન પચ્ચીગર પ્રમુખ ૨. શ્રી ભીમજીભાઈ પટેલ ૩. શ્રી જીવરાજ સરડવા ૪. શ્રી મુલજીભાઈ હુડકા ૫. શ્રી ત્રંબકલાલ પટેલ ૬. શ્રી એ. ટી. કુંદીવાલા ૭. શ્રી કાનજીભાઈ લ. પટેલ ૮. શ્રી વીરજીભાઈ મુનિયા ૯. શ્રી ઉમેદભાઈ ગોહેલ ૧૦. શ્રી દિનકર દેસાઈ, અને ૧૧. શ્રી છોટુભાઈ પટેલ	૪-૭-૮૦
૪.	અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિ તથા વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૧. શ્રી ગોવિંદભાઈ બા. વસાવા, પ્રમુખ ૨. શ્રી વીરજી ભીમજી દાફડા ૩. કુ. શાંતાબેન ચાવડા ૪. શ્રી બચુભાઈ ભી. ગોહિલ ૫. શ્રી ધુળાભાઈ ગોહેલ ૬. શ્રી લક્ષ્મણભાઈ પટ્ટણી ૭. શ્રી હરિભાઈ ખુ. પરમાર ૮. શ્રી જગદીશચંદ્રજી દો. ડામોર ૯. શ્રી શાંતીલાલ પ. પટેલ ૧૦. શ્રી બદીયાભાઈ મુ. ગોંદિયા ૧૧. શ્રીમતી શાંતાબેન મકવાણા ૧૨. શ્રી મોહનસિંહ રાઠવા ૧૩. શ્રી હરગોવનદાસ ખુ. નાગર ૧૪. શ્રી રેવાદાસ લી. વસાવા ૧૫. શ્રી કાનજીભાઈ મ. પટેલ	૪-૭-૮૦

પત્રક ક્રમાંક—૧૩.

(જુઓ ફકરા ક્રમાંક-૨૭)

જુદી જુદી સમિતિઓ ઉપર અધ્યક્ષશ્રીએ નીમેલા સભ્યો.

અનુ ક્રમાંક	સમિતિનું નામ	સભ્યોના નામ	નિમણૂકની તારીખ
૧	૨	૩	૪
૧.	કામકાજ સલાહકાર સમિતિ	૧. શ્રી નટવરલાલ શાહ, માન. અધ્યક્ષ-પ્રમુખ	૨૦-૬-૮૦
		૨. શ્રી માધવસિંહ સોલંકી, સભાગૃહના નેતા	
		૩. શ્રી દલસુખભાઈ ગોધાણી, વિરોધપક્ષના નેતા	
		૪. શ્રી સનતભાઈ મહેતા, નાણા મંત્રી	
		૫. શ્રી પ્રબોધભાઈ રાવળ, સંસદીય બાબતોના મંત્રી	
		૬. ડો. શીરીષ પુરોહિત	
		૭. શ્રી કરમશીભાઈ મકવાણા	
		૮. શ્રી અબ્દુલરહીમ ખાલપા	
		૯. શ્રી ભાનુભાઈ વાઘેલા	
		૧૦. શ્રી હરિસિંહ ચાવડા	
		૧૧. શ્રી કેશુભાઈ સ. પટેલ	
૨.	કામકાજ સલાહકાર સમિતિની પેટા સમિતિ	૧. શ્રી પ્રબોધ રાવળ, સંસદીય બાબતોના મંત્રી-પ્રમુખ	૨૬-૬-૮૦
		૨. ડો. શીરીષ પુરોહિત, અને	
		૩. શ્રી હરિસિંહ ચાવડા	
૩.	બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ	૧. શ્રી મનુભાઈ પરમાર, પ્રમુખ	૨-૭-૮૦
		૨. શ્રી બાબુભાઈ મેઘજીભાઈ શાહ	
		૩. શ્રી નગીનદાસ શાહ	
		૪. શ્રી હમીરજી રાયજાદા	
		૫. શ્રી ખોડીદાસ ઠક્કર	
		૬. શ્રી ગુણવંતલાલ પંડ્યા	
		૭. શ્રી માલસિંહ ડામોર	
		૮. શ્રી ઉમાકાન્ત જોષી	

પત્રક ક્રમાંક—૧૪.

(જુઓ ફકરા ક્રમાંક-૨૮)

જુદી જુદી સંસ્થાઓ પર સભ્યોની ચૂંટણી.

ક્રમાંક	સંસ્થાનું નામ	સભ્યોના નામ	ચૂંટણીના પરિણામની જાહેરાત તારીખ
૧	૨	૩	૪
૧.	ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ	૧. શ્રી ખોડીદાસ ઠક્કર ૨. શ્રી દાઉદભાઈ મી. પટેલ ૩. શ્રી ગોવિંદભાઈ ચૌહાણ ૪. શ્રી મોહનસિંહ છો. રાઠવા અને ૫. શ્રી પ્રેમસીંગ ડી. વસાવા	૪-૭-૮૦
૨.	ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ	૧. શ્રી વલ્લભભાઈ પો. પટેલ ૨. શ્રી રમણભાઈ દેવાભાઈ પટેલ અને ૩. શ્રી બુધાજી જીતાજી ચૌહાણ	૪-૭-૮૦
૩.	રાજ્ય અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદ	૧. શ્રી જગદીશચંદ્રજી દો. ડામોર ૨. શ્રી માલસિંહ ફતાભાઈ ડામોર ૩. શ્રી મોહનસિંહ છો. રાઠવા ૪. શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ ૫ શ્રી ભઈજીભાઈ ભાણાભાઈ તડવી ૬. શ્રી મનસુખભાઈ જે. વસાવા ૭. શ્રી વસનજી ગ. ગામીત ૮. શ્રી ધનજીભાઈ ઠ. ઢોડિયા ૯. શ્રી જીતુભાઈ છીતુભાઈ હળપતિ ૧૦. શ્રી મોહનભાઈ રણછોડભાઈ ૧૧. શ્રી કાનજીભાઈ મગનભાઈ પટેલ ૧૨. શ્રી ગોવિંદભાઈ માહુજ્યાભાઈ પટેલ ૧૩. શ્રી શંકરભાઈ ૨. પટેલ ૧૪. શ્રી બરજુલભાઈ નવલાભાઈ પટેલ અને ૧૫. શ્રી રમણભાઈ દેવાભાઈ પટેલ.	૪-૭-૮૦

પત્રક ક્રમાંક—૧૫.

(જુઓ ફકરા ક્રમાંક-૨૯)

જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ/કોર્ટ પર સભ્યોની ચૂંટણી

ક્રમાંક	યુનિવર્સિટીનું નામ	સભ્યશ્રીનું નામ	ચૂંટણીના પરિણામની જાહેરાત તારીખ
૧	૨	૩	૪
૧.	સૌરાષ્ટ્ર યુનિવર્સિટી	૧. શ્રી બાબુભાઈ મેઘજી શાહ ૨. કુ. લીલાબેન ત્રિવેદી અને ૩. કુ. શાંતાબેન ખીમજીભાઈ ચાવડા	૪-૭-૮૦
૨.	સરદાર પટેલ યુનિવર્સિટી	૧. શ્રી દિનશા ઝવેરભાઈ પટેલ અને ૨. શ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકી	૪-૭-૮૦
૩.	ભાવનગર યુનિવર્સિટી	૧. શ્રી રસિકલાલ નાથાલાલ શાહ	૪-૭-૮૦
૪.	ગુજરાત યુનિવર્સિટી	૧. શ્રી જયકુમાર સંઘવી અને ૨. શ્રી સુરેન્દ્ર રાજપૂત	૪-૭-૮૦

પત્રક ક્રમાંક—૧૬.

(જુઓ ફકરા ક્રમાંક—૩૩)

સભાઓની તારીખવાર યાદી

(ખરેખર કામકાજ થયા પ્રમાણેની યાદી)

શુક્રવાર, તા. ૨૦મી	(૧) સોગંદ અથવા પ્રતિજ્ઞા વિધિ
	(૨) અધ્યક્ષશ્રીની ચૂંટણી
	(૩) રાજ્યપાલશ્રીનું સંબોધન
	(૪) શોકદર્શક ઉલ્લેખો.
શનિવાર, તા. ૨૧મી	બેઠક ન હતી.
રવિવાર, તા. ૨૨મી	રજા
સોમવાર, તા. ૨૩મી	શોકદર્શક ઉલ્લેખ.
મંગળવાર, તા. ૨૪મી	બેઠક ન હતી.
બુધવાર, તા. ૨૫મી	બેઠક ન હતી.
ગુરૂવાર, તા. ૨૬મી	શોકદર્શક ઉલ્લેખ.
શુક્રવાર, તા. ૨૭મી	(૧) ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી.
	(૨) લેખાનુદાનના પ્રસ્તાવ પર ચર્ચા અને મતદાન.
	(૩) સરકારી વિધેયક—સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક : ૧૨ સન ૧૯૮૦નું ગુજરાત આકસ્મિક ફંડ (હંગામી વધારા) વિધેયક. શ્રી સનત મહેતા, મંત્રીશ્રી, નાણા
શનિવાર, તા. ૨૮મી	રજા
રવિવાર, તા. ૨૯મી	રજા

સોમવાર, તા. ૩૦મી — રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા (પહેલો દિવસ).

જુલાઈ, ૧૯૮૦

મંગળવાર, તા. ૧લી — રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા (બીજો દિવસ).

બુધવાર, તા. ૨જી — રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ ઉપર ચર્ચા (ત્રીજો દિવસ).

ગુરૂવાર, તા. ૩જી — (૧) શોકદર્શક ઉલ્લેખ.

(૨) સરકારી વિધેયક-સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૧૬-સન ૧૯૮૦નું ગુજરાત વિનિયોગ (લેખાનુદાન) વિધેયક.
શ્રી સનત મહેતા, મંત્રીશ્રી, નાણા

(૩) બિનસરકારી સંકલ્પો.

શુક્રવાર, તા. ૪થી — (૧) શોકદર્શક ઉલ્લેખ.

(૨) સરકારી વિધેયકો :

૧. સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૬ સન ૧૯૮૦નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક.
શ્રી માધવસિંહ સોલંકી, મુખ્ય મંત્રીશ્રી.

૨. સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૭ સન ૧૯૮૦નું મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબુદી (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક.
શ્રી માધવસિંહ સોલંકી, મુખ્ય મંત્રીશ્રી.

૩. સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૫ સન ૧૯૮૦નું મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક.
શ્રી માધવસિંહ સોલંકી મુખ્ય મંત્રીશ્રી.

૪. સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૮ સન ૧૯૮૦નું મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વિધેયક.

શ્રી ખોડીદાન ઝુલા, મંત્રીશ્રી, મકાનો અને માર્ગવ્યવહાર.

૫. સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક—૯ સન ૧૯૮૦નું ગુજરાત ખેત જંતુ અને રોગ વિધેયક.

શ્રી સનત મહેતા, મંત્રીશ્રી, નાણા.

(૩) છેલ્લા દિવસનો પ્રસ્તાવ નિયમ—૧૦૨.

સભ્યશ્રી ભીમસી કેસુર કારંગીયાનો પ્રસ્તાવ.

ગુજરાતના ખેડૂતોની તકલીફો દૂર કરવા સત્વરે ચોકકસ સમયબધ્ધ પગલાં લેવા અંગેનો પ્રસ્તાવ.

———

પત્રક ક્રમાંક—૧૭

(બીજો ફેરા ક્રમાંક—૩૪)

રોજનીશીના કામકાજનો સારાંશ

શુક્રવાર, તા. ૨૦મી જૂન, ૧૯૮૦.

પહેલી બેઠક.

૧. બાકી રહેલા નીચે જણાવેલા સભ્યોએ ગુજરાતીમાં સોગંદ લીધા : (૧) શ્રી ચીમનભાઈ પટેલ (૨) શ્રી રમણભાઈ પટેલ.

૨. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહના સભ્યશ્રી નટવરલાલ ચંદુલાલ શાહને આ સભાગૃહના અધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે.

વિરોધપક્ષના નેતાશ્રી દલસુખભાઈ ગોધાણીએ ઉકત પ્રસ્તાવનું અનુમોદન કર્યું.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો. શ્રી નટવરલાલ ચંદુલાલ શાહ અધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર થયા.

ત્યારબાદ સભાગૃહના નેતા, શ્રી માધવસિંહ સોલંકી અને વિરોધપક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી નટવરલાલ ચંદુલાલ શાહને અધ્યક્ષસ્થાને દોરી ગયા અને શ્રી નટવરલાલ ચંદુલાલ શાહે અધ્યક્ષસ્થાન લીધું.

ત્યારબાદ ગૃહના નેતાશ્રી માધવસિંહ સોલંકી, વિરોધપક્ષના નેતાશ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી કેશુભાઈ પટેલ અને શ્રી નગીનદાસ શાહે અધ્યક્ષને તેમની ચૂંટણી બદલ અભિનંદન આપ્યા અને ટૂંકાં પ્રવચનો કર્યાં.

ત્યારબાદ અધ્યક્ષ, શ્રી નટવરલાલ ચંદુલાલ શાહે સભાગૃહે તેમને ચૂંટવા બદલ ગૃહનો આભાર માન્યો અને ટૂંકું પ્રવચન કર્યું. પ્રથમ બેઠક પૂરી થઈ.

બીજી બેઠક.

*રાજ્યપાલશ્રીએ ગૃહને હિન્દીમાં સંબોધન કર્યા બાદ, ૧૫ મિનિટના વિરામ પછી ગૃહની બેઠક મળી.

૧. શ્રી મોહનભાઈ ૨. તળાવિયાએ ગુજરાતીમાં સોગંદ લીધા.

---

* રાજ્યપાલશ્રી સંબોધન શરૂ કરે તે પહેલાં વિરોધપક્ષના નેતાશ્રીએ પોતાનું નિવેદન વાંચ્યું અને ત્યારપછી વિરોધપક્ષના અમુક સભ્યોએ સભાત્યાગ કર્યો.

૨. (૧) મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ, લોકનાયક, શ્રી જયપ્રકાશ નારાયણના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી કેશુભાઈ પટેલ અને શ્રી અશોક ભટ્ટે સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્‌ગતનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૨) મુખ્યમંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર અને મુંબઈ વિધાનસભા તેમજ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય અને ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર રાજ્યના માજી મુખ્ય મંત્રી, શ્રી રસિકલાલ ઉમેદચંદ પરીખના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ, પંચાયત મંત્રીશ્રી ત્રંબકલાલ દવે, શ્રી કરમશી મકવાણા, શ્રી બાબુભાઈ મે. શાહ, શ્રી જમનાદાસ વેકરિયા અને કુ. શાંતાબેન ચાવડાએ સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્‌ગતનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૩) મુખ્ય મંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર અને મુંબઈ વિધાનસભાના તેમજ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય સર્વશ્રી ભગવાનજી ભાણજી પટેલ, ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભા તેમજ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય સર્વશ્રી બાબુભાઈ પ્રાણજીવન વૈદ્ય, ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભા તેમજ ગુજરાત વિધાનસભાના માજી સભ્યો સર્વશ્રી જેસીંગભાઈ ગોવિંદભાઈ પરમાર અને ગમાનભાઈ નાનજીભાઈ પરમાર, ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર વિધાનસભાના માજી સભ્યો સર્વશ્રી જગુભાઈ શીવલાલ પરીખ અને જેઠાલાલ હરીકૃષ્ણ જોષી, ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના માજી સભ્ય શ્રી માણેકલાલ ચુનીલાલ મોદી તેમજ ગુજરાત વિધાનસભાના માજીસભ્યો સર્વ શ્રી ગંગારામ ચુનીલાલ રાવલ, ચંદ્રશંકર મણીશંકર ભટ્ટ, ઈશ્વરભાઈ નારણભાઈ વણકર, નંદલાલ સુંદરજી શાહ, જેઠાલાલ ચંદુલાલ ગાંધી અને વસનજી ખેરાજ ઠક્કારનાં અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સદ્‌ગતોને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા શ્રી, દલસુખભાઈ ગોધાણી, શ્રી ભાણજીભાઈ પટેલ, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી ગંગારામ પટેલ, શ્રી દીનશા પટેલ, શ્રી હરિસિંહ ચાવડા, શ્રી બાબુભાઈ વાસણવાળા, શ્રી અંબાલાલ ઉપાધ્યાય, શ્રી દિનકર દેસાઈ, શ્રી અશોક ભટ્ટ, શ્રી જશવંતસિંહ ચૌહાણ, શ્રી જમનાદાસ વેકરિયા, શ્રી મહમદભાઈ પટેલ, શ્રી બળવંતરાય મનવર, શ્રી મણીભાઈ રાણપરા, આરોગ્ય મંત્રીશ્રી, મનોહરસિંહજી જાડેજા, અને શ્રી બાબુભાઈ પટેલે સદ્‌ગતોને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતોને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્‌ગતોનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીના સંદેશા મોકલવામાં આવશે.

૩. ટુંકી મુદતના પ્રશ્નો અંગે અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

૪. આરોગ્ય મંત્રી, શ્રી મનોહરસિંહજી જાડેજાએ, અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરી લઈને, તા. ૧૯મી જુન, ૧૯૮૦ના રોજ સોગંદ વિધિ દરમ્યાન, શ્રી અશોક ભટ્ટ સોગંદ માટે ઠરાવેલ શબ્દો ઉપરાંત જે બીજા શબ્દો બોલ્યા હતા તે અંગે ઔચિત્ય ભંગનો મુદ્દો ઉપસ્થિત કર્યો. શ્રી અશોક ભટ્ટે બચાવ રજૂ કર્યો કે સોગંદ વિધિનો પ્રસંગ એ સભાગૃહની કાર્યવાહીનો ભાગ ગણાતો ન હોવાથી ઔચિત્યભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ત્યારબાદ કેટલાક સભ્યોને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે સોગંદવિધિ ગૃહની કાર્યવાહીનો ભાગ નથી અને તેથી ઔચિત્યભંગનો પ્રશ્ન બનતો નથી. તેમણે વધુમાં જણાવ્યું કે સોગંદ વિધિ પવિત્ર બાબત છે અને સભ્યશ્રીઓએ તેમાં કોઈપણ જાતના ફેરફાર વગર પ્રમાણિકપણે સોગંદ લેવા જોઈએ. અંતમાં અધ્યક્ષશ્રીએ આશા વ્યકત કરી કે ભવિષ્યમાં સભ્યો ઠરાવેલ નમૂના પ્રમાણે જ સોગંદ લેશે.

૫. આરોગ્ય મંત્રી, શ્રી મનોહરસિંહજી જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કર્યો કે શોકદર્શક ઉલ્લેખો દરમિયાન શ્રી છત્રસિંહ સોલંકી જ્યારે બોલવા ઉભા થયા હતા ત્યારે શ્રી અશોક ભટ્ટે એવા શબ્દો વાપર્યા હતા કે જે ગૃહના નિયમોના નિયમ ૩૪(૨)(૭)ની જોગવાઈથી સદંતર વિરુધ્ધ છે અને તેથી તે શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવા જોઈએ.

શ્રી અશોક ભટ્ટને સાંભળ્યા બાદ, અધ્યક્ષશ્રીએ મજકૂર શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો.

૬. સચિવશ્રીએ રાજ્યપાલશ્રીના સંબોધનની પ્રમાણિત નકલ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૭. શ્રી કરમશી મકવાણાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો :—

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન માટે તેમનો આભાર માનીએ છીએ."

શ્રી વાડીલાલ કામદારે, શ્રી કરમશી મકવાણાના ઉપરોકત પ્રસ્તાવનું અનુમોદન કર્યું. પ્રસ્તાવ રજૂ થયો.

૮. નીચે દર્શાવિલા કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

(૧) સન ૧૯૮૦--૮૧ના વર્ષ માટેનું અંદાજપત્રક, ...શ્રી સનત મહેતા, મંત્રીશ્રી નાણા, (નાણા મંત્રીશ્રીએ ટુંકું પ્રવચન કર્યું).

(૨) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૭-સન ૧૯૮૦નો મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વટહુકમ,.....શ્રી માધવસિંહ સોલંકી, મુખ્ય મંત્રીશ્રી, (મહેસૂલ).

(૩) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૮-સન ૧૯૮૦નો મુંબઈ ઈનામ (કચ્છ વિસ્તાર) નાબૂદી (ગુજરાત સુધારા) વટહુકમ,.....શ્રી માધવસિંહ સોલંકી મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ).

(૪) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૯-સન ૧૯૮૦નો મુંબઈ જમીન મહેસૂલ (ગુજરાત દ્વિતીય સુધારા) વટહુકમ,.....શ્રી માધવસિંહ સોલંકી મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ).

(૫) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૪-સન ૧૯૮૦નો ગુજરાત નગર પંચાયતો(ની મુદત વધારવા) બાબત (સુધારા) વટહુકમ.....શ્રી મગનભાઈ સોલંકી રાજ્યકક્ષાના મંત્રીશ્રી, પંચાયત.

(૬) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૬-સન ૧૯૮૦નો ગુજરાત પંચાયત (દ્વિતીય સુધારા) વટહુકમ,..... શ્રી મગનભાઈ સોલંકી રાજ્યકક્ષાના મંત્રીશ્રી, પંચાયત.

(૭) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૧૨-સન ૧૯૮૦નો ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વટહુકમ,.....શ્રી ત્રંબકલાલ દવે, મંત્રીશ્રી, પંચાયત અને નગરપાલિકાઓ.

(૮) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૧૧-સન ૧૯૮૦નો ગુજરાત ખેત જંતુ અને રોગ વટહુકમ, ...શ્રી વિજયદાસજી મહંત, મંત્રીશ્રી ખેતી.

(૯) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૧૦-સન ૧૯૮૦નો મુંબઈ જમીન હંગામી સંપાદન (ગુજરાત સુધારા) વટહુકમ,.....શ્રી ખોડીદાન ઝુલા, મંત્રીશ્રી મકાનો અને માર્ગવ્યવહાર.

(૧૦) સન ૧૯૮૦નો વટહુકમ ક્રમાંક-૧૧-સન ૧૯૮૦નો મુંબઈ પોલીસ (ગુજરાત સુધારા) વટહુકમ,.....શ્રી પ્રબોધ રાવળ, મંત્રીશ્રી ગૃહ.

૯. સચિવશ્રીએ પાંચમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજ્યપાલશ્રી/રાષ્ટ્રપતિશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૧૯૭૯નાં વિધેયક ક્રમાંક-૬, ૩૭, ૩૮, ૩૯ અને ૪૭ વિધાનસભાના મેજ ઉપર મૂક્યાં.

૧૦. અધ્યક્ષશ્રીએ જાહેર કર્યું કે શ્રી રણજીતસિંહ ગાયકવાડે વિધાનસભાના સભ્યપદેથી તા. ૯-૬-૮૦ના રોજ બપોર પછી રાજીનામું આપ્યું છે.

૧૧. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિ પર સભ્યોની નિમણૂક કરી અને જણાવ્યું કે અધ્યક્ષશ્રી ઉકત સમિતિના પ્રમુખ રહેશે.

સોમવાર, તા. ૨૩મી જૂન, ૧૯૮૦.

ગૃહના નેતા શ્રી, માધવસિંહ સોલંકીએ ગૃહને જણાવ્યું કે સંસદ સભ્ય અને વડાપ્રધાનના પુત્ર શ્રી સંજય ગાંધીનું આજે આકસ્મિક દુ:ખદ અવસાન થયું છે. તેમણે સદ્ગત્ને તેમની અંજલિ આપી. ત્યારપછી વિરોધપક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ, અને શ્રી કેશુભાઈ પટેલે સદ્ગતને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્ગત્ને અંજલિ આપી. ત્યારપછી સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્ગતનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

ગુરુવાર, તા. ૨૬મી જૂન, ૧૯૮૦.

મુખ્ય મંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ ભારતના રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સદ્ગત્ને અંજલિ આપી. ત્યારપછી વિરોધપક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી કેશુભાઈ પટેલ, અને શ્રી અશોક ભટ્ટે સદ્ગત્ને અંજલિ આપી અને શ્રી ભટ્ટે સૂચન કર્યું કે સદ્ગત્ના માનમાં આજની બેઠક મુલત્વી રાખવી. ત્યારપછી અધ્યક્ષશ્રીએ પણ સદ્ગતને અંજલિ આપી. ત્યારપછી સભ્યોએ ઉભા થઈ થોડીવાર મૌન પાળ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્ગત્નાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

આ તબકકે વિરોધપક્ષના નેતાશ્રી દલસુખભાઈ ગોધાણીએ દરખાસ્ત રજૂ કરી કે આજની બેઠક સદ્ગતના માનમાં મુલત્વી રાખવામાં આવે. ગૃહના નેતાશ્રીએ ઉકત દરખાસ્તનો સ્વીકાર કર્યો.

શુક્રવાર, તા. ૨૭મી જૂન, ૧૯૮૦.

૧. ટુંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૧, ૧૩, ૧ અને ૧૬ (છેલ્લા બે સાથે)ના જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી કરમશી મકવાણાએ, નિયમ૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર ખેતી વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :—

"તાજેતરમાં જુદાં જુદાં ખાતર, કુડ, ડિઝલ, લોખંડ, ઈમારતી લાકડું અને બીજાં ખેત ઉત્પાદનનાં સાધનોના બજાર ભાવ અતિ વધી જવાથી ખેત ઉત્પાદન પર વિપરિત અસર થઈ છે તે પરિસ્થિતિના નિવારણ અંગે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

ખેતી વિભાગના મંત્રી, શ્રી વિજયદાસજી મહંતે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નાણા મંત્રી, શ્રી સનત મહેતાએ કરવેરા તપાસ પંચના અહેવાલ અંગે, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, નિયમ-૪૪ અન્વયે, નિવેદન કર્યું.

૪. નીચે દર્શાવિલા કાગળો તેની સામે દર્શાવિલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા:-

(૧) ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોરપોરેશનનો,—

(અ) સન ૧૯૭૮--૭૯નો વહીવટી અહેવાલ,

(બ) સન ૧૯૭૭--૭૮ના વાર્ષિક હિસાબ અને ઓડિટ અહેવાલ અને

(ક) સન ૧૯૭૮-૭૯ના સુધારેલા અંદાજો અને સન ૧૯૭૯--૮૦ના અંદાજો. .....શ્રી મહમદભાઈ સુરતી, રાજ્યકક્ષાના મંત્રીશ્રી, વાહનવ્યવહાર.

(૨) ગુજરાત સ્લમ ક્લીઅરન્સ બોર્ડના સન ૧૯૭૩--૭૪, ૧૯૭૪--૭૫, ૧૯૭૫--૭૬, અને ૧૯૭૬--૭૭નાં વર્ષોના હિસાબો, ઓડિટ રિપોર્ટ અને સરકારી હુકમો,.....શ્રી ખોડીદાન ઝુલા, મંત્રીશ્રી મકાનો અને માર્ગવ્યવહાર,

(૩) ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૧૯૭૩--૭૪ થી ૧૯૭૬--૭૭ના વર્ષના ઓડિટ રિપોર્ટ .....શ્રી ખોડીદાન ઝુલા, મંત્રીશ્રી મકાનો અને માર્ગવ્યવહાર.

(૪) ભારતના ચૂંટણી પંચે શીડયુલ્ડ કાસ્ટસ એન્ડ શીડયુલ્ડ ટ્રાઈબ્સ ઓર્ડર્સ (એમેન્ડમેન્ટ) એકટ, ૧૯૭૬ની કલમ-૮ હેઠળ બહાર પાડેલા લોકસભા અને વિધાનસભા નિર્વાચન ક્ષેત્ર પરિસીમાંકન આદેશ, ૧૯૭૬માં સુધારો કરતી તા. ૧૮-૧૦-૭૯ની અધિસૂચના ક્રમાંક ૨૮૨-જીએ-એસસી-અસટી ૭૯.....શ્રી માધવસિંહ સોલંકી, મુખ્યમંત્રીશ્રી,

(૫) ગુજરાત આરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ની કલમ-૩૦(૧) હેઠળ—

(અ) ગુજરાત આરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) (સલાહકાર સમિતિ) નિયમો, ૧૯૮૦ને બનાવતી મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની તા. ૨૨-૨--૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક કેએચ-એલ-૧૪૩/યુઓએલ-૧૨૭૯-૬૫૮૯૮-ટી, અને

(બ) ગુજરાત આરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) નિયમો, ૧૯૮૦ બનાવતી મજૂર, સમાજ કલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની તા. ૬-૩-૮૦ની અધિસૂચના ક્રમાંક કેએચએલ-૧૭૦-યુઓએલ-૧૨૭૯-૬૫૮૯૯-ટી, ... શ્રી સનત મહેતા, મંત્રીશ્રી મજૂર,

૬.-(અ) મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૬૭ હેઠળ ગુજરાત દુકાનો અને સંસ્થા નિયમો, ૧૯૬૨ને સુધારતી મજૂર સમાજકલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની તા. ૬-૩-૮૦ની અધિસૂચના ક્રમાંક કેએચએલ-૧૭૨-બીએસઈ-૧૦૭૭-૧૦૫૮-૭૩-ટી અને

(બ) મુંબઈ દુકાનો અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ની કલમ (૧) હેઠળ અધિનિયમના પરિશિષ્ટ-૨માં એન્ટ્રી ક્રમાંક-૧૧૬ ઉમેરતી મજૂર, સમાજકલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની તા. ૫-૩-૮૦ની અધિસૂચના ક્રમાંક કે-એચ-એલ-૧૭૧-બીએસઈ-૧૪૭૯-૨૧૨૫૨ ટી,.....શ્રી સનત મહેતા, મંત્રીશ્રી, મજૂર,

(૭) ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં (દ્વિતીય સુધારા) નિયમો, ૧૯૮૦ બનાવતી કાયદા વિભાગની તા. ૨૮-૩-૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક જીએચકે-૧૫-૮૦/બી. (પી.એ.) .....શ્રી પ્રબોધ રાવળ, મંત્રીશ્રી, સંસદીય બાબતો,

(૮) ગુજરાત ગંદા વસવાટ બોર્ડના અધ્યક્ષ તરીકે પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના સચિવની બે માસ માટે નિમણૂક કરતી વિભાગની તારીખ ૧૫--૫--૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક જીએચ/પી/૮૮/૮૦/એસ.એ.એ.-૧૮૭૯-અ-૨.....શ્રી ખોડીદાન ઝુલા, મંત્રીશ્રી, મકાનો અને માર્ગ વ્યવહાર,

(૯) (અ) ગુજરાત જાહેર નાણા (લેણા વસુલાત) નિયમો, ૧૯૮૦ બનાવતી નાણા વિભાગની તા. ૨--૪--૮૦ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૨૬) ૮૦ એલએનએફ-૧૦૭૯-૨૮૪૫-અન.

(બ) ગુજરાત કૃષિ ધિરાણ (સુવિધા જોગવાઈ) નિયમો, ૧૯૮૦ બનાવતી નાણા વિભાગની તા. ૨--૪--૮૦ની અધિસૂચના ક્રમાંક જીએચએન-૨૫(૮૦) એલએનએફ-૧૦૭૯-૨૩૩૬-એન.....શ્રી હરિહર ખંભોળજા, રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, નાણા,

(૧૦) (અ) ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ને સુધારતી નાણા વિભાગની—

(૧) તા. ૨૭--૩--૮૦ ની અધિસૂચના ક્રમાંક (જીએચએન--૨૩) જીએસઆર--૧૦૮૦ (૨૭) થ અને

(૨) તા. ૩૦--૫--૮૦ની અધિસૂચના ક્રમાંક (જીએચએન--૪૨) જીએસઆર--૧૦૮૦-(૨૮)--થ.

(બ) ગુજરાત વેચાણવેરા અધિનિયમ--૧૯૬૯ની કલમ ૪૯ (૨) હેઠળ—

(૧) નાણા વિભાગની તા. ૨૯--૪--૧૯૭૦ની અધિસૂચના ક્રમાંક--જીએચએન--૬૨૭-જીએસટી--૧૦૭૦--(એસ--૪૯) થ ને સુધારતી વિભાગની તા. ૭--૫--૮૦ની અધિસૂચના ક્રમાંક (જીએચએન--૩૫) જીએસટી--૧૦૮૦ (એસ--૪૯) (૮૪)-થ અને

(૨) નાણા વિભાગની તા. ૨૯--૪--૧૯૭૦ની અધિસૂચના ક્રમાંક (જીએચએન--૬૨૭) જીએસટી--૧૦૭૦(એસ--૪૯) થ ને સુધારતી વિભાગની તા. ૨૦--૫--૮૦ની અધિસૂચના ક્રમાંક (જીએચએન--૩૯) જીએસટી-૧૦૮૦ (એસ--૪૯) (૮૫)---થ.

(ક) ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ--૨૯ હેઠળની મનોરંજન કરમાંથી મુકિત આપતી, નાણા વિભાગની તા. ૭--૫--૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક (જીએચએન ૩૪) અમએનઆર/૧૩૭૮/૪૦૪૮/ (એસ--૨૯) ટીએચ--૧,

(ડ) ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭ની કલમ ૨૯ હેઠળ મનોરંજન કરમાંથી મુકિત આપતી માહિતી ખાતાની—

(૧) તા. ૫--૪---૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક : જીએચ--જીએફ--૭૮--૯૬--એસએફસી ૧૩૭૯--૩૯૬૩૩--એફ--૮૨૫,

(૨) તા. ૧૭--૪--૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક જીએચ--જીએફ--૭૮--૯૭--એચએફસી ૧૩૮૦--૧૨૫૪૪--એફ--૯૬૬,

(૩) તા. ૨૧--૪--૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક : જીએચ--જીએફ--૭૮--૯૮--એસ એફસી--૧૩૮૦--૧૧૭૪૭--એફ--૯૯૬,

(૪) તા. ૭--૫--૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક : જીએચ--જીએફ--૭૮--૯૯--એસએફસી ૧૩૮૦--૧૬૭૫૧--એફ--૧૦૯૨,

(૫) તા. ૧૩-૫-૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક = જીએચ--જીએફ--૭૮--૧૦૦--એસએફસી ૧૩૮૦--૧૩૫૮૫--એફ--૧૧૩૮--અને

(૬) તા. ૩૦--૫--૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક : જીએચ--જીએફ-૭૮-૧૦૨--એસએફસી ૧૩૮૦--૧૮૯૮૮--એફ--૧૨૨૮..... શ્રી હરિહર ખંભોળજા, રાજ્યકક્ષાના મંત્રીશ્રી, નાણા,

(૧૧) ગુજરાત પંચાયત મતદાર યાદી ભાગ--૨ તૈયાર કરવા અને જાળવવા બાબતના નિયમો, ૧૯૭૮ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૨૯--૯--૭૯ની અધિસૂચના ક્રમાંક : કેપી/૧૬૬/પીડીકે/૧૦૭૯--૨૪૬૩(૭૯) જેએચ--૧, શ્રી મગનભાઈ સોલંકી, રાજ્યકક્ષાના મંત્રીશ્રી, પંચાયત.

(૧૨) મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ (ગુજરાત) નિયમો, ૧૯૬૧ને સુધારતી કાયદા વિભાગની તા. ૮--૪--૮૦ ની અધિસૂચના ક્રમાંક જીએચકે--૧૯/૮૦/બીપીટી/૧૦૭૮/ (૮) નિયમો ૭૪૭૪ ઈબી, શ્રી એમ. કે. બલોચ, નાયબ મંત્રીશ્રી, કાયદો અને ન્યાય.

૫. સંસદીય બાબતોના મંત્રી, શ્રી પ્રબોધ રાવળે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહના સભ્ય શ્રી રમણીકભાઈ ધામીને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે. શ્રી શાંતિલાલ

પટેલે ઉકત પ્રસ્તાવનું અનુમોદન કર્યું. પ્રસ્તાવ મત માટે મુકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

ન્યારબાદ અધ્યક્ષશ્રીએ ઉપાધ્યક્ષશ્રીને તેમનું સ્થાન લેવા વિનંતી કરી. શ્રી રમણીકભાઈ ધામીએ સભાગૃહમાં ડાબી બાજુએ પ્રથમ હરોળમાં પ્રથમ જગ્યાએ સ્થાન લીધું.

૬. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

૭. સંસદીય બાબતોના મંત્રી, શ્રી પ્રબોધ રાવળે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. સચિવશ્રીએ નીચેના અહેવાલો વિધાનસભાના મેજ ઉપર મૂક્યા:—

(૧) પાંચમી ગુજરાત વિધાનસભાની ગૌણ વિધાન સમિતિનો સાતમો અહેવાલ.

(૨) પાંચમી ગુજરાત વિધાનસભાની જાહેર સાહસો માટેની સમિતિનો એકવીસમો અને બાવીસમો અહેવાલ.

(૩) પાંચમી ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિનો પંદરમો અને સોળમો અહેવાલ,

(૪) પાંચમી ગુજરાત વિધાનસભાની વિશેષાધિકાર સમિતિનો ચોથો અહેવાલ,

(૫) પાંચમી ગુજરાત વિધાનસભાની સરકારે આપેલી ખાતરીઓ માટેની સમિતિનો દસમો અહેવાલ.

૯. નાણા મંત્રી, શ્રી સનત મહેતાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે દ્વિતીય લેખાનુદાન પ્રસ્તાવ પૂરતા નિયમ ૨૩૬ (૧) માંના "પરંતુ ૩૧મી માર્ચ પહેલાં" શબ્દો મોકૂફ રાખવામાં આવે.

શ્રી કેશુભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી જણાવ્યું કે નિયમ ૨૩૬ અનુસાર વોટ ઓન એકાઉન્ટ ૩૧મી માર્ચ, પહેલાં લેવાવો જોઈએ, તેમણે વધુમાં જણાવ્યું કે નિયમ ૫૫ અનુસાર કોઈપણ નિયમનો અમલ મોકૂફ રાખી શકાય છે કિન્તુ વર્ષોથી પ્રસ્થાપિત થયેલી પ્રણાલિકાઓનો અમલ નિયમોથી મોકૂફ રાખી શકાય નહીં. તેમણે વધુમાં જણાવ્યું કે બંધારણીય જોગવાઈ અનુસાર પણ સામાન્યત : વોટ ઓન એકાઉન્ટ બે મહિના માટે જ લઈ શકાતું હોઈ પ્રસ્તુત કાર્યવાહી બંધારણથી વિરૂધ્ધ છે.

નાણા મંત્રીશ્રી સનત મહેતાએ નિયમ ૫૫ ની જોગવાઈ તરફ ધ્યાન દોરી જણાવ્યું કે તેમાં ફકત એટલી જ જોગવાઈ છે કે તે નિયમો હેઠળનો પ્રસ્તાવ, અધ્યક્ષશ્રીની સંમતિથી

રજૂ કરી શકાય અને તેવી સંમતિ મેળવવામાં આવી હોઈ, અધ્યક્ષશ્રીએ નિયમાનુસાર ઉકત પ્રસ્તાવ મત માટે મૂકવો જોઈએ.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે શ્રી કેશુભાઈ પટેલનો પોઈન્ટ ઓફ ઓર્ડર બરાબર નથી

ત્યારપછી ઉપરોકત પ્રસ્તાવની ચર્ચામાં નીચે જણાવેલા સભ્યોએ ભાગ લીધો:—

(૧) શ્રી અશોક ભટ્ટ (૨) શ્રી રમણીકભાઈ ધામી (૩) શ્રી કેશુભાઈ પટેલ
(૫) શ્રી જમનાદાસ વેકરીઆ.

આરોગ્ય મંત્રી શ્રી મનોહરસિંહજી જાડેજાએ હાઉસ ઓફ કોમન્સમાં તથા લોકસભામાં લેખાનુદાન માટે પ્રચલિત પ્રણાલિ તરફ ગૃહનું ધ્યાન દોર્યું. તેમજ કોઈપણ નિયમનો અંશત: કે પૂર્ણત : અમલ અટકાવી લઈ શકાય છે તે અંગે સ્પષ્ટતા કરી.

ત્યારબાદ શ્રી ચીમનભાઈ પટેલે ચર્ચામાં ભાગ લીધા બાદ, નાણા મંત્રીશ્રી સનત મહેતાએ બંધારણની સંબંધિત કલમ વાંચી સંભળાવી અને આસામ રાજયના લેખાનુદાન અંગેનો કેન્દ્રના નાણા મંત્રાલયનો અભિપ્રાય ટાંકી જણાવ્યું કે તદનુસાર બીજો વોટ ઓન એકાઉન્ટ પણ લઈ શકાય છે અને ત્યારબાદ બીજી કેટલીક સ્પષ્ટતા કરી.

ત્યારપછી પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. નાણા મંત્રીશ્રી સનત મહેતાએ સંવિધાનના અનુચ્છેદ ૨૦૩ અને ૨૦૬ અન્વયેની રાજયપાલશ્રીની ભલામણ વાંચી સંભળાવી અને નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"અનુસૂચિમાં દર્શાવેલ માગણીઓ મુજબ ૧૯૮૦--૮૧ ના નાણાકીય વર્ષના અમુક ભાગ એટલે કે ઓગસ્ટ અને સપ્ટેમ્બર, ૧૯૮૦ના મહિના માટેના અંદાજી ખર્ચ પેટે રૂા. ૧,૬૧,૫૬,૭૬,૦૦૦ સુધીની રકમ રાજયપાલશ્રીને અગાઉથી આપીએ."

અધ્યક્ષશ્રીએ લેખાનુદાન માટેના પ્રસ્તાવ પર ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ નાણા મંત્રી, શ્રી સનત મહેતાએ લેખિત પ્રવચન વાંચ્યું. ચર્ચામાં ૧૧ સભ્યોએ ભાગ લીધો.

પોઈન્ટ ઓફ ઓર્ડર.

શ્રી કેશુભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતાં રજૂઆત કરી કે જસવંતસિંહ ચૌહાણ પોતાના વકતવ્ય દરમિયાન કાગળનું પ્રદર્શન કરી રહ્યા છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે તેમ કરવું વાજબી નથી.

ચર્ચાના જવાબ નાણા મંત્રી, શ્રી સનત મહેતાએ આપ્યો. ત્યારપછી ઉપરોક્ત પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૧. નીચે દર્શાવેલું સરકારી વિધેયક પસાર કરવામાં આવ્યું:

સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક--૧૨-- સન ૧૯૮૦નું ગુજરાત આકસ્મિક ફંડ (હંગામી વધારા)વિધેયક.

સોમવાર, તા. ૩૦મી જૂન, ૧૯૮૦.

૧ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક ૧૨, ૧૪ (બન્ને સાથે) તેમજ ૨ અને ૨૦ (છેલ્લા બન્ને સાથે)ના જવાબ આપવામાં આવ્યા.

૨. નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત ૫૨, નિયમ ૧૧૬ અન્વયે, શ્રી ભીમજીભાઈ પટેલે ગૃહ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું:

"તાજેતરમાં જામનગરમાં બે જુથો વચ્ચેની અથડામણને કારણે થયેલ મૃત્યુ, અનેક નાગરિકોને થયેલ ઈજાઓ અને ચાલુ રહેલ હુમલાઓના કારણે શહેરોમાં ફેલાયેલ ભય અને ઉભી થયેલ નંગ પરિસ્થિતિ નિવારવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

ગૃહ વિભાગના મંત્રીશ્રી પ્રબોધ રાવળે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નીચે દર્શાવેલા કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂક્યા.

(૧) પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની—

(અ) ગુજરાત પંચાયત સેવા (કર્મચારીઓની તબદીલી) નિયમો, ૧૯૬૮ને સુધારતી તા. ૧૭--૧૧--૭૯ ની અધિસૂચના ક્રમાંક : કેપી/૧૯૫/પીઆરઆર-૧૦૭૮/૧૦૫૬૨/થ,

(બ) ગુજરાત પંચાયત સેવા (નિમણૂંક સત્તાધિકારી) નિયમો, ૧૯૬૭ને સુધારતી તા. ૧૭--૧૧--૭૯ ની અધિસૂચના ક્રમાંક : કેપી/૧૯૬/પીઆરઆર--૧૦૭૮/૧૦૫૬૨/થ.

(ક) ગુજરાત પંચાયત સેવા (વર્ગીકરણ અને ભરતી) નિયમો, ૧૯૬૭ ને સુધારતી—

(૧) તા. ૧૯--૧૧--૭૯ની અધિસુચના ક્રમાંક--કેપી/૧૯૭/(૭૯)/પીઆરઆર-૧૦૭૮ ૪૦૮૬---થ,

(૨) તા. ૧૨--૧૨--૭૯ ની અધિસુચના ક્રમાંક--કેપી/૨૦૫/(૭૯)/પીબીએન--૧૦૭૪/ ૧૦૪૮૨---થ.

(૩) તા. ૧૬--૧--૮૦ની અધિસુચના ક્રમાંક : કેપી/૮/૮૦/પીઆરઆર--૧૦૭૮/૬૮૭૨-થ.

(૪) તા. ૨૯--૧--૮૦ની અધિસૂચના ક્રમાંક કેપી/૨૪(૮૦)/પીઆરઆર--૧૦૭૭-૮૦૮૧ (૭૮)--થ અને

(૫) તા. ૧૫--૨---૮૦ની અધિસૂચના ક્રમાંક કેપી/૮૦/ પીઆરઆર--૧૦૭૯/યુઓ ૨૨૯—થ.

(૬) પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૨૨--૩--૭૪ની અધિસૂચના ક્રમાંક કેપી-૭૧/(૭૪)જેપીએમ/૧૦૭૦/૧૭૫૯/ (૧)--થ થી ઘડવામાં આવેલા આંકડાંકીય મદદનીશ (પંચાયત સેવા) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૪ને રદ કરતી તા. ૧૯-૧૨-૧૯૭૯ ની અધિસૂચના ક્રમાંક : કેપી/૨૦૩/(૭૯)/ જેપીએમ--૧૦૭૦--૧૦૮૯૭ (૧)થ.

(૭) પંચાયત અને આરોગ્ય વિભાગની તા. ૨૨--૩--૭૪ની અધિસૂચના ક્રમાંક કેપી ૭૨ (૭૪)/જેપીએમ/૧૦૭૦/(૨)ઘ, થી ઘડવામાં આવેલા વિસ્તરણ અધિકારી (સહકાર) (પંચાયત સેવા) ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૪ ને રદ કરતી તા. ૧૯--૧૨--૭૯ ની અધિસૂચના ક્રમાંક--કેપી--૨૦૪ (૭૯) /જેપીએમ/૧૦૭૦/૧૦૮૯૭/(૨)--થ. શ્રી ત્રંબકલાલ દવે, મંત્રીશ્રી. પંચાયત

(૨) ગુજરાત મનોરંજન કર અધિનિયમ ૧૯૭૭ ની કલમ --૨૯ હેઠળની મનોરંજન કર-માંથી મુકિત આપતી—

(૧) નાણા વિભાગની તા. ૧૯--૬--૮૦ની અધિસૂચના ક્રમાંક (જીએચાએન--૪૭) એમએનઆર ૧૩૮૦/૨૧૬૧/(એસ--૨૯) ટીએચ--૧, અને

(૨) માહિતી વિભાગની તા. ૨૦--૫---૮૦ની અધિસૂચના ક્રમાંક/જીએચ--જીએફ/૭૮--૧૦૧ એસએફસી--૧૩૮૦--૧૬૯૯૪/એફ--૧૧૮૦.....શ્રી હરિહર ખંભોળજા, રાજયકક્ષાના મંત્રીશ્રી, નાણા,

(૩) ગુજરાત રાજય વ્યવસાય, ધંધા, અને રોજગાર વેરા નિયમો ૧૯૭૬ને સુધારતી નાણા વિભાગની તા. ૩૦--૫---૧૯૮૦ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન--૪૬) પીએફટી--૧૦૭૮/ ૨૦૨૧/ (અસ--૨૭) (૪)---થ૧.....શ્રી હરિહર ખંભોળજા, રાજયકક્ષાના મંત્રીશ્રી, નાણા.

૪. અધ્યક્ષશ્રીએ સભ્ય શ્રી કરમશીભાઈ મકવાણાએ તા૰ ૨૦મી જુન, ૧૯૮૦ના રોજ રજૂ કરેલો અને શ્રી વાડીલાલ કામદારે જેને અનુમોદન આપ્યું હતું તે નીચેનો પ્રસ્તાવ

સભાગૃહ સમક્ષ રજૂ કર્યા.

'રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો:

અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો રાજ્યપાલશ્રીએ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો અભાર માનીએ છીએ."

ત્યારપછી સુધારા ક્રમાંક ૭,૮,૧૩ થી ૨૪ અને ૩૦ થી ૩૫ રજૂ કરવામાં આવ્યા. ત્યારબાદ સંબોધન પર ચર્ચા શરૂ થઈ. ચર્ચામાં ૧૮ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચા દરમિયાન, સભ્ય શ્રી દ્વારકાદાસ પટેલ અને શ્રી દિનશા પટેલને ઉકત પ્રસ્તાવ પરના તેમના સુધારા રજૂ કરવા અધ્યક્ષશ્રીએ પરવાનગી આપી. તેથી તે સભ્યોએ અનુક્રમે સુધારા ક્રમાંક ૧ થી ૫ અને ૬ રજૂ કર્યા.

ચર્ચા દરમિયાન, મકાન અને માર્ગ વ્યવહાર ખાતાના મંત્રી શ્રી ખોડીદાન ઝુલાએ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી જણાવ્યું કે શ્રી અંબાલાલ ઉપાધ્યાય તેમનું નિવેદન વાંચી રહ્યા છે જે નિયમથી વિરૂધ્ધ છે. અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે પ્રવચન વાંચી શકાય નહિ.

શ્રી ભાનુભાઈ વાઘેલાએ તેમના પ્રવચનમાં વાપરેલો અમુક શબ્દ કાર્યવહીમાંથી દૂર કરવામાં આવ્યો.

ચર્ચા અધૂરી રહી.

૫. અધ્યક્ષશ્રીએ નાણાકીય સમિતિઓ એટલે કે અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ અને જાહેર સાહસો માટેની સમિતિ ઉપર તેમજ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને વિચરતી જાતિ તથા વિમુકત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ ઉપર સભ્યોની ચૂંટણીના કાર્યક્રમો જાહેર કર્યા.

૬. સિંચાઈ મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, નિયમ--૪૪ અન્વયે, ભારે વરસાદથી ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અંગે નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને સિંચાઈ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૭. અધ્યક્ષશ્રીએ ગુજરાત યુનિવર્સિટીની કોર્ટ ઉપર ગુજરાત વિધાનસભાના બે, ભાવનગર યુનિવર્સિટીની કોર્ટ ઉપર એક, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટ ઉપર ત્રણ, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર બે અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર પાંચ પ્રતિનિધિઓની ચૂંટણીના કાર્યક્રમો જાહેર કર્યા.

૮. (૧) સંસદીય બાબતોના મંત્રી, શ્રી પ્રબોધ રાવળે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ સન ૧૯૬૧ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૧૬ ની પેટા--કલમ (૧) ની રકમ (૬) મુજબ રાજય પંચાયત કાઉન્સીલ ઉપર વિધાનસભાના ત્રણ સભ્યોને ચૂંટવાનું કામ હાથ ધરે.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં અવ્યો. અધ્યક્ષશ્રીએ ઉકત ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો.

(૨) સંસદીય બાબતોના મંત્રી, શ્રી પ્રબોધ રાવળે નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો:

"ભારતના રાજય બંધારણના પરિશિષ્ટ--૫ ના ફકરા--૪ હેઠળ રાજયની વિધાનસભામાં ચૂંટાયેલા અનુસૂચિત આદિજાતિના પ્રતિનિધિઓનીમાંથી સભ્યોને પસંદ કરી રાજય અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદની રચના કરવાની રહે છે.

સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના જાહેરનામા ક્રમાંક : ટી. એ. સી. ૧૨૬૦/જી, તા. ૧૯--૮--૬૦ અન્વયે, ગુજરાત અનુસૂચિત આદિજાતિ સલાહકાર પરિષદ માટે ગુજરાત વિધાનસભામાંથી અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓની સંખ્યા ૧૫ છે, તો અનુસૂચિત આદિજાતિના ચૂંટાયેલા પ્રતિનિધિઓમાંથી ૧૫ સભ્યોને ચૂંટવાનું કામ આ સભાગૃહ હાથ ધરે."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો. અધ્યક્ષશ્રીએ ઉકત ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો.

મંગળવાર, તા. ૧લી જુલાઈ, ૧૯૬૦.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક--૨૮નો જવાબ આપવામાં આવ્યો.

૨. નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર શ્રી મોહંમદભાઈ પટેલે, નિયમ ૧૧૬ અન્વયે, આરોગ્ય વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :

"ભરૂચ શહેરમાં કોલેરાના ઉપદ્રવના કારણે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિ અને રોગને ફેલાતો અટકાવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

રાજયકક્ષાના આરોગ્ય મંત્રી, શ્રીમતી કોકિલાબહેન વ્યાસે તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને રાજયકક્ષાના આરોગ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નાયબ શ્રમ મંત્રી શ્રી ચન્દ્રકાંત પટેલે સન ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ--૫૩--એ (૧) અન્વયે અને સન ૧૯૪૭ના ઔદ્યોગિક વિવાદ અધિનિયમની કલમ--૩(એ)(૧) અન્વયે જે ઉદ્યોગો સંબંધમાં જોઈન્ટ મેનેજમેન્ટ કાઉન્સિલ રચવા માટે સરકારે આદેશ કાઢયા નથી તે ઉદ્યોગોની સૂચિઓ વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૪. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા બીજે દિવસે ચાલુ રહી. ચર્ચામાં ૨૧ વધુ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો.

શ્રી રામલાલ રૂપલાલે તેમના પ્રવચનમાં વાપરેલા "મગરનાં આંસુ" શબ્દો સામે વાંધો ઉઠાવવામાં આવતાં તે શબ્દો શ્રી રામલાલ પાસે અધ્યક્ષશ્રીએ પાછા ખેંચાવરાવ્યા.

ચર્ચા અધૂરી રહી.

૫. નાણા મંત્રી, શ્રી સનત મહેતાએ, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, નિયમ--૪૪ અન્વયે, મોંઘવારી ભથ્થા અંગે નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાણા મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૬. ગૃહ વિભાગના મંત્રી, શ્રી પ્રબોધ રાવલે તા. ૩૦--૬---૮૦ના રોજ ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક--૧૨ અને ૧૪ પરની પૂરક પ્રશ્નોત્તરી દરમિયાન આપેલી ખાતરી મુજબ ન્યાયાધીશી તપાસ અંગે વિચારણામાં લેવાના મુદ્દાઓ સભાગૃહના મેજ ઉપર મૂકયા.

સભ્યોએ મુદ્દામાંથી ઉપસ્થિત થતી બાબતો અંગે પ્રશ્નો પૂછયા અને ગૃહ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

બુધવાર, તા. ૨જી જુલાઈ, ૧૯૮૦.

૧. ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક--૩ અને ૧૮ (બંને સાથે)ના જવાબ આપવામાં આવ્યા.

૨. નીચેની, નિયમ ૧૧૬ અન્વયેની, તાકીદની જાહેર અંગત્યની બાબત શ્રી બાબુભાઈ વાસણવાળાની ગેરહાજરીને કારણે હાથ ધરી શકાઈ નહિ ;

"અમદાવાદની બી. જે. મેડીકલ કોલેજમાં પ્રવેશપત્રો મળતાં નહીં હોવાને કારણે કોલેજમાં દાખલ થવા માંગતા વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓમાંથી ઉપસ્થિત થતી પરિસ્થિતિ અંગે સરકારે લીધેલાં પગલાં."

૩. શ્રી અશોક ભટ્ટે પોતે કેટલાક તાકીદના પ્રશ્નો અંગે સભાગૃહનું ધ્યાન દોરવા માગે છે તેમ જણાવી ઉભા થયા ત્યારે અધ્યક્ષશ્રીએ તેમને પોતાનું સ્થાન લેવા જણાવ્યું. શ્રી અશોક ભટ્ટે તેમનું સ્થાન લીધું નહીં અને તેમની રજુઆત ચાલુ રાખી, તેથી ગૃહમાં ભારે ઘોંઘાટ થયો. તે દરમિયાન શ્રી અશોક ભટ્ટ એવું બોલ્યા કે તેઓ નહીં બેસે. સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રબોધ રાવળે રજૂઆત કરી કે અધ્યક્ષશ્રીના આદેશનું પાલન શ્રી ભટ્ટ કરતા ન હોવાથી તેમની સામે પગલાં ભરવાનો વિચાર કરવો જોઈએ. આરોગ્ય મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ અને નાણા મંત્રીશ્રી સનત મહેતાએ પણ મંતવ્યો રજૂ કર્યા કે અધ્યક્ષશ્રીના આદેશનું સત્વરે પાલન કરવું જોઈએ. ત્યારપછી શ્રી અશોક ભટ્ટે સ્પષ્ટતા કરી કે ઘોંઘાટ દરમિયાન સભ્યોએ તેમને બેસી જવા કહયું, ત્યારે

સભ્યોને ઉદ્દેશીને તેમણે જણાવ્યું હતું કે તેઓ નહિ બેસે અને છેવટે જણાવ્યું કે અધ્યક્ષશ્રી પ્રત્યે તેઓ આદર અને સન્માનનીયતાની લાગણી ધરાવે છે.

૪. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અતિવૃષ્ટિ અને સુરતમાં હરિજનો પરના અત્યાચાર અંગે તેમણે સંબંધિત મંત્રીશ્રીઓ સાથે વાત કરી છે.

મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે ઉકત બંને પ્રશ્નો અંગે સંબંધિત મંત્રીશ્રીઓ ચાલુ સત્રમાં ગૃહમાં નિવેદન કરશે.

૫. નગરપાલિકા મંત્રી, શ્રી ત્રંબકલાલ દવેએ તા. ૨૭મી જૂન, ૧૯૮૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ ટૂંકી મુદતના પ્રશ્નો ક્રમાંક--૧ અને ૧૬ "રાજકોટ મહાનગરપાલિકાને સુપરસીડ કરવા અંગે" ના પૂરક પ્રશ્નોના જવાબમાં જણાવેલ રાજકોટ મહાનગરપાલિકાને સુપરસીડ કરવા અંગેની નોટીસ અંગેનાં કારણો દર્શાવતી યાદી વિધાનસભાના મેજ ઉપર મૂકી.

૬. અધ્યક્ષશ્રીએ બિન--સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિ પર સભ્યોની નિમણૂક કરી અને શ્રી મનુભાઈ પરમારને ઉકત સમિતિના પ્રમુખ નીમ્યા.

૭. મંગળવાર, તા. ૧લી જુલાઈ, ૧૯૮૦ના રોજ અધૂરી રહેલી રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરની ચર્ચા ત્રીજે અને છેલ્લે દિવસે ચાલુ રહી. ચર્ચામાં ૨૫ વધુ સભ્યોએ અને પાંચ મંત્રીશ્રીઓએ ભાગ લીધો.

અધ્યક્ષશ્રીએ ચર્ચા દરમિયાન જાહેર કર્યું કે વિરોધપક્ષના નેતાશ્રીની વિનંતી જેને સંસદીય બાબતોના મંત્રીશ્રીનો ટેકો મળ્યો છે, તે અનુસાર ઉકત ચર્ચા અડધો કલાક વધુ ચાલશે.

ખેતી મંત્રીશ્રીએ, ચર્ચા દરમિયાન, તેમના પ્રવચનમાં જયારે ડુંગળીની ખરીદીનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે નાફેડવાળા કહે છે કે તેઓ ડુંગળી ખરીદે છે, પરંતુ હકીકતમાં નાફેડમાં બેઠેલા જનતાપક્ષના સભ્યો જ ખાનગીમા તેના અધિકારીઓને ખરીદી કરવાની ના પાડે છે, ત્યારે વિરોધપક્ષના સભ્યોએ તેની સામે સખત વાંધો લીધો. આ તબકકે શ્રી મનુભાઈ કોટડિયા, જેઓ નાફેડ પર ગુજરાતના પ્રતિનિધિ છે, તેમણે અંગત ખુલાસો કરતાં જણાવ્યું કે નાફેડના ચેરમેન અને મોટાભાગના ડિરેકટર્સ બોર્ડના સભ્યો એ કોંગ્રેસના આગેવાન કાર્યકરો છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ગુજરાતની અંદર ડુંગળી ખરીદવા માટે માર્કેટિંગ ફેડરેશનના ચેરમેન અને વાઈસ ચેરમેન તરીકે રજૂઆત કરવા છતાં પણ નાફેડ તરફથી તાર આવ્યો છે કે ડુંગળીમાં ખરીદી કરવી નહીં. આ તબકકે શ્રી અશોક ભટ્ટે ખેતી મંત્રીશ્રી ગૃહને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરે છે તે મુદા ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો. ત્યાર પછી શ્રી વલ્લભભાઈ પટેલે જણાવ્યું કે મંત્રીશ્રીએ જે કહ્યું છે કે નાફેડના કેટલાક સભ્યો અહીંયા બેઠા છે અને જેમણે ડુંગળી ખરીદવાની અટકાવી છે તે કયા સભ્યો છે અને કોના કહેવાથી ડુંગળી ખરીદવાનું બંધ કર્યું છે તેની ચોખ્ખવટ થવી જોઈએ.

અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે સભ્યશ્રી કોટડિયાએ મંત્રીશ્રીના આક્ષેપનો ખુલાસો કરી દીધો છે તેથી વાત પતી જાય છે.

ત્યાર પછી આરોગ્ય મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ સ્પષ્ટતા કરી કે ખેતી મંત્રીશ્રીએ ગૃહના નહીં પણ નાફેડમાં બેઠેલા જનતાપક્ષના સભ્યોનો ઉલ્લેખ કર્યો હતો અને શ્રી કોટડિયાએ જે ખુલાસો કર્યો છે તે સરકારી પક્ષને સ્વીકાર્ય છે. આ પછી વિરોધપક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

અધ્યક્ષશ્રીએ ગૃહની સંમતિથી, અડધો કલાક બેઠક ફરીથી વધુ લંબાવી.

શ્રી કરમશીભાઈ મકવાણાએ ચર્ચાનો ટૂંકમાં જવાબ આપ્યો.

ત્યારપછી શ્રી વીરજીભાઈ મુનિયાએ તેમના સુધારા પરના સુધારા, ગૃહની પરવાનગીથી, પાછા ખેંચી લીધા.

ત્યારપછી ઉકત પ્રસ્તાવ પર રજૂ થયેલા બધા સુધારા એક સાથે મત માટે મૂકવામાં આવ્યા અને તે નામંજૂર કરવામાં આવ્યા. રાજ્યપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ગુરુવાર, તા. ૩જી જુલાઈ, ૧૯૮૦.

૧. મુખ્ય મંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી ભીમસીંગભાઈ શીવાભાઈ ગામીતના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો.

ત્યાર પછી વિરોધપક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ સિંચાઈ મંત્રી શ્રી અમરસિંહ ચૌધરી અને શ્રી જશવંતસિંહ ચૌહાણે સદ્‌ગતને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સદ્‌ગતને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું. ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સદ્‌ગતનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

૨. નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર, નિયમ ૧૧૬ અન્વયે, શ્રી અંબાલાલ ઉપાધ્યાયે મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)નું ધ્યાન દોર્યું :—

"સાબરકાંઠા જિલ્લાનાં ઘણાં ગામો અછતગ્રસ્ત જાહેર થયાં હોવા છતાં સરકાર તરફથી ગરીબ ખેડૂતોને બિયારણ ખાતર વગેરે માટે આપાતી તગાવી લોન હજુ સુધી આપવામાં આવેલ નથી. તેથી તેમની જમીન વર્ષાઋતુમાં વાવેતર વિના પડતર રહી છે. આથી આવા ગરીબ ખેડૂતોને તાત્કાલિક તગાવી લોન આપવા સરકારે લીધેલ પગલાં."

મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

(૨) બીજી સૂચના હાથ પર લેવામાં આવે તે પહેલાં આરોગ્ય મંત્રીશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ કરી અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું કે બીજી સુચનાની બાબત જૂની છે અને તેમાં તાકીદનું અને જાહેર અગત્યનું તત્વ જણાતું નથી. તેથી તેમણે ભવિષ્યના માટે અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે અધ્યક્ષશ્રીએ જે દરખાસ્ત દાખલ કરી હોય તેના ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર રજૂ થઈ શકતો નથી. તેમણે વધુમાં આરોગ્ય મંત્રીશ્રીને પોતાની ચેમ્બરમાં મળવા સૂચન કર્યું.

ત્યારપછી નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર, નિયમ-૧૧૬ અન્વયે, શ્રી છત્રસિંહ સોલંકીએ સિંચાઈ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :—

"ખેડા જિલ્લાના બાલાસિનોરની પાણી પુરવઠા યોજના માટે મહી કેનાલમાંથી પાણી લેવામાં આવે છે તેના દસ હજાર લીટરે ૦.૩૨ પૈસાના દરને વધારીને તાજેતરમાં ૦.૮૦ પૈસા કરેલા છે. જેને પરિણામે મર્યાદિત આવકવાળી બાલાસિનોર નગર પંચાયત પર ભારે બોજો આવી પડવાથી બાલાસિનોર શહેરની વસ્તીને પીવાનું પાણી પૂરું પાડતી યોજના બંધ કરવાની ઉભી થયેલી પરિસ્થિતિ નિવારવા સરકારે લીધેલ કે લેવા ધારેલાં પગલાં."

સિંચાઈ મંત્રી શ્રી અમરસિંહ ચૌધરીએ તેમનું નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને સિંચાઈ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા:—

(૧) ગુજરાત મિનરલ ડેવલપમેન્ટ કોર્પોરેશન લી. નો સન ૧૯૭૮--૭૯નો ૧૬મો વાર્ષિક અહેવાલ અને હિસાબ..... શ્રી માધવસિંહ સોલંકી મુખ્યમંત્રીશ્રી.

(૨) (અ) ગુજરાત જિલ્લા ગ્રામ ઉત્તેજન નિધિ (રોકાણ કરવા અને પ્રોત્સાહન અનુદાન મંજૂર કરવા) બાબતના નિયમો ૧૯૬૪ને સુધારતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેર વિકાસ વિભાગની તા. ૪--૧૦--૭૯ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૭૦/પીઆરઆર-૪૨ (૩) ૭૯-ઝ,

(બ) ગુજરાત પંચાયત (પંચાયતે અપીલ કરવા અંગેના અધિકારો) નિયમો, ૧૯૭૯ બનાવતી પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની તા. ૪--૧૦--૭૯ની અધિ-સૂચના ક્રમાંક-કેપી/૧૭૧/પીઆરઆર-૮૪/૭૯-ઝ ... ... શ્રી ત્રંબકલાલ દવે, મંત્રીશ્રી, પંચાયત,

(૩) મજૂર, સમાજકલ્યાણ અને આદિવાસી વિકાસ વિભાગની—

